અંગ્રેજી અને સાંસ્કૃતિક સ્વરાજ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી અને સાંસ્કૃતિક સ્વરાજ

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

62 ગ
66

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ६३ ग
६६

पञ्जिका संख्या..... २२३६०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી અને સાંસ્કૃતિક સ્વરાજ

CHECKED
Initial
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
સ્ટોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

"મારે જે કહેવું છે તે એટલું જ કે, જેમ આપણું રાજ્ય પચાવી પાડનાર અંગ્રેજોના રાજ્યને સફળતાથી આપણે કાઢયું, તેવી જ રીતે, આપણા સાંસ્કૃતિક સ્વરાજને પચાવી પાડનારી અંગ્રેજી ભાષાને પણ કાઢો. જગતનાં વેપાર તથા રાજ્યનીતિની આંતરરાષ્ટ્રીય ભાષા તરીકેનું તે ભાષાનું કુદરતી સ્થાન છે, તે તો સમૃદ્ધ એવી એ ભાષાનું હમેશા રહેશે."

(૧૧-૯-૧૯૪૭) મો૦ ક૦ ગાંધી

અમદાવાદ તરફથી બો.

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦



છ આના
૩૭ નવા પૈસા

સપ્ટેમ્બર, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

32 360
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

હમણાં કેટલાક વખતથી એક વિચાર જોરથી પાછો ઊપડ્યો છે કે, અંગ્રેજી ભાષાનું શિક્ષણ ધો૦ ૮ કરતાં વહેલેથી શરૂ કરવું. આથી ગુજરાતનાં શિક્ષણ- અને શિક્ષક- મંડળોમાં ખૂબ ચર્ચા અને મનોમંથન જાગ્યાં છે. આ સ્થિતિમાં માર્ગદર્શન કરવા અને વિચારને સાફ કરવાના હેતુથી, ગુજરાત નઈ તાલીમ સંઘે તેની ખાસ બેઠક બોલાવવા નક્કી કર્યું. અને તેના અનુસંધાનમાં, આ પ્રશ્ન બાબત એક પુસ્તિકા તૈયાર કરવાની મને તે સંઘે સૂચના કરી. આ ચોપડી તૈયાર કરવાનું નિમિત્ત આ રીતે બન્યું.

આ બાબતમાં આપણા વિચારો જાણીતા હતા. તે વિષે મુંબઈ સરકારની નીતિ પણ નક્કી થઈ ચૂકી હતી. તેમાં આ ફેરફારની વાત આવી, અને તેમાં વડી સરકાર પણ છે એમ જાણવા મળ્યું; એટલે થયું કે, આ વાત ફરી ઊથલો કેમ મારતી હશે ?

તથા હિંદી કમિશનના સભ્ય તરીકે પણ આ પ્રશ્ન તે સભા આગળ આડકતરી ચર્ચા રૂપે લેવામાં આવ્યો હતો. તે અંગે પણ મારે, તે કમિશનના સભ્ય તરીકે, અલગ નોંધ રૂપે કેટલુંક લખવું પડ્યું હતું.

ફરી ચર્ચા મુંબઈ રાજ્યમાં જાગી; પરંતુ પ્રશ્ન તો અખિલ ભારતીય બન્યો હોઈને મેં કેટલુંક લખાણ અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરવાને તૈયાર કર્યું. 'હરિજન' પત્ર બંધ હોવાથી તે મારે બહારનાં છાપાંમાં મોકલવું રહ્યું. ત્યારે એક નવો અનુભવ થયો કે, અંગ્રેજી છાપાં અંગ્રેજી સામે કશો વિચાર પ્રગટ કરવા ઝટ રાજી નથી થતાં ! મારું લખાણ પછી મેં એક ત્રૈમાસિકમાં મોકલ્યું ને ત્યાં તે છપાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ચોપડીમાં તે લખાણનો અનુવાદ (પ્ર૦ ૧ થી ૩) આપ્યો છે. તે ઉપરાંતનું વસ્તુ અહીંયાં જ પહેલું પ્રસિદ્ધ થાય છે. પુરવણી રૂપે કેટલીક સામગ્રી આપી છે, તે પણ આ પ્રશ્ન વિચારવામાં મદદરૂપ થશે માનું છું.

આ સવાલ શિક્ષણશાસ્ત્ર કે તેની પદ્ધતિનો નથી. આ તો રાષ્ટ્રના નવઘડતર અંગેની રાષ્ટ્રીય નીતિનો છે. મુંબઈ સરકારે આ પ્રશ્ન માધ્યમિક શિક્ષણ બોર્ડને પૂછવાનું જણાવ્યું છે, તે આ દૃષ્ટિએ જોતાં અધૂરું છે. તે બોર્ડ રાષ્ટ્રીય કેળવણીમાં શું કયારે શીખવવું, એ જાતના મૂળ નીતિના પ્રશ્નો નક્કી કરવાને યોગ્ય ન ગણાય. તેથી આ પ્રશ્ન વિષે ભૂલ ન કરી બેસીએ, એ જોવાનું રહે છે. આ બાબતમાં ગાંધીજીએ દેશને બહુ વહેલેથી ચેતવ્યો હતો કે,

> "મારો અભિપ્રાય એવો છે કે, આ સવાલનો નિર્ણય અધ્યાપકોએ લેવાનો નથી. અમુક સ્થળનાં છોકરાછોકરીઓને કઈ ભાષા વાટે કેળવણી આપવી એનો નિર્ણય કરવાનું કામ એમનું નથી. એ સવાલનો નિર્ણય એમને માટે દરેક સ્વતંત્ર દેશમાં થઈ ચૂકેલો છે. તેમ જ કયા વિષયો શીખવવા એ પણ તેમણે નક્કી કરવાનું ન હોય. એનો આધાર બાળકો જે દેશનાં હોય તે દેશની જરૂરિયાતો પર રહે છે. અધ્યાપકોનો અધિકાર રાષ્ટ્રની ઇચ્છાનો બને એટલી સારામાં સારી રીતે અમલ કરવાનો છે. આ દેશ ખરેખરો સ્વતંત્ર થશે ત્યારે કેળવણીના માધ્યમના સવાલનો નિકાલ એક જ રીતે આવશે. અધ્યાપકો એ પ્રમાણે અભ્યાસક્રમ ઘડશે અને પાઠ્યપુસ્તકો તૈયાર કરશે. અને જેમ આજની કેળવણીથી તૈયાર થયેલાં માણસો વિદેશી રાજ્યકર્તાઓની જરૂરિયાતોને સંતોષે એવા બને છે, તેમ સ્વતંત્ર ભારતવર્ષમાં તેઓ દેશની જરૂરિયાતો પૂરી પાડે તેવા નીપજશે. જ્યાં સુધી આપણે શિક્ષિત વર્ગો આ સવાલ લેડે રમત કરીએ છીએ, ત્યાં સુધી આપણે આપણા સ્વપ્નનું સ્વતંત્ર ને નરવું હિન્દુસ્તાન પેદા નહીં કરી શકીએ, એવો મને પાકો ડર છે. આપણી બેડીઓ કેળવણીને લગતી, આર્થિક કે સામાજિક કે રાજકીય ગમે તે જાતની હોય તોપણ આપણે તનતોડ પ્રયત્ન કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી નીકળી જવું રહ્યું છે. એ માટેના પુરુષાર્થમાં જ એ લડતનો પાંચમો ભાગ સમાઈ જાય છે." (હરિજનબંધુ, ૧૦-૭-'૩૮)

અને આનો ઉકેલ આણવા અંગે તાકીદ આપી હતી કે,

"આ જરૂરી ફેરફાર કરવામાં જેટલા દિવસની ઢીલ થાય છે તેટલું આપણા રાષ્ટ્રને સાંસ્કૃતિક નુકસાન જ થાય છે." (હરિજન, ૨૧-૯-'૪૭)

તેથી આ પ્રશ્નનું મહત્ત્વ કેવળ માધ્યમિક શાળાની ચાર દીવાલ વચ્ચે કે કૉલેજના ઓરડા અંદર અટવાયેલું નથી. હિંદના સાંસ્કૃતિક સ્વરાજ્યના પ્રશ્નની આ આપ્તત છે. બાપુએ તેનો વિચાર કરીને તેનો મુખ્ય સિદ્ધાંત નક્કી કર્યો છે. તેને અનુલક્ષીને રાષ્ટ્રે આગળ વધવાનું છે. આ પુસ્તકમાં આવી વિશાળ ભૂમિકામાં પ્રશ્નને ચર્ચ્યો છે. તેનું અ૦ ભા૦ મહત્ત્વ હોઈ, ગુજરાત એ વિષે આગેવાનીભેર આગળ ચાલે એમાં તેની ને સૌની શોભા છે.

નઈ તાલીમ સંઘ આ પુસ્તિકા તૈયાર કરવામાં નિમિત્ત બન્યો અને તેનો પ્રચાર કરવામાં તેણે મદદ કરી, તે બદલ વિદ્યાપીઠ તરફથી તેનો આભાર માનું છું.

૬-૯-'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
૧.	રાષ્ટ્રીય પુનર્ઘટના અને ભાષાશિક્ષણ	૧
૨.	બંધારણ અને અંગ્રેજી	૪
૩.	ભાષાશિક્ષણનો ક્રમ	૧૧
૪.	ફરી પાછો ઊથલો !	૧૯

પુરવણી

૧.	લોકશાહી શિક્ષણપ્રથાનો મૂળ સિદ્ધાંત	૨૭
૨.	કૉંગ્રેસ અને સરકારની નીતિની જાહેરાત	૨૮
૩.	શિક્ષણમાં પ્રતિક્રાંતિ સામે વિરોધ	૩૨
૪.	ગાંધીજીનો અભિપ્રાય	૩૬
૫.	અંગ્રેજી કેટલાને આવડે છે ?	૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

રાષ્ટ્રીય પુનર્ઘટના અને ભાષાશિક્ષણ

૧

પ્રજા તરીકે આપણે અત્યારે આપણા રાષ્ટ્રીય જીવનના નવ-ઘડતરની મઝધાર પડેલા કહેવાઈએ. અને હોવું પણ એમ જ જોઈએ; કારણ કે, પરદેશી શાસનનાં બે સૈકાંને કારણે આપણે જેટલા પાછળ પડી ગયા છીએ, તેટલી લાંબી મજલ આપણે પૂરી કરી લેવાની છે. તેથી, સ્વાભાવિક રીતે જ, આપણે તે મજલ જલદી પૂરી કરવા પ્રયત્ન કરી રહ્યા છીએ. વાતાવરણમાં પણ તેથી કરીને એક પ્રકારની તાકીદ વરતાય છે. આપણા જાહેર જીવનનાં બધાં ક્ષેત્રોમાં — આર્થિક, સામાજિક, રાજકીય, કેળવણીવિષયક અને બીજાં કેટલાંય ક્ષેત્રોમાં, — આપણી મરજી હોય કે ન હોય તોપણ, પ્રશ્નો ઊભા થયા જ કરે છે. અને તે પણ એટલા બધા પ્રમાણમાં કે, આપણા ઉપર એવો આક્ષેપ પણ થઈ શકે કે, આપણે એકીસાથે ઘણા ઘોડાઓ ઉપર સવાર થવા જઈએ છીએ.

દાખલા તરીકે, કાશ્મીર અને ગોવાના પ્રશ્નોએ આપણા બંધારણની કલમ ૫૧માંના આદેશ અનુસાર હિંદની વિદેશ-નીતિ વિષે નિર્ણય લેવાની તાત્કાલિક અને આવશ્યક જરૂર ચીંધી આપી છે.

પરદેશી શાસનને પરિણામે આપણી કાયમી અને કોઢે પડ્યા જેવી બનેલી ગરીબાઈ અને બેકારી તથા આપણા અર્થતંત્રના સામાન્ય પછાતપણાની ભૂમિકામાં બગડતી જતી અન્ન-પરિસ્થિતિએ સરકાર પાસે ઔદ્યોગિક આયોજનનું કામ ઉપાડાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશી રાજ્યોનું આપણા ભારત સંઘમાં વિલીનીકરણ થતાં, સંઘસરકારનો વહીવટી નકશો યથોચિત ફરી ગોઠવવાનો — રાજ્યપુનર્વ્યવસ્થાનો — જટિલ પ્રશ્ન ઉકેલવાનું કામ પણ હાથ ઉપર લેવાનું અનિવાર્ય બની ગયું. એ અંગે આપણે નક્કી કર્યું કે, શક્ય હોય ત્યાં સુધી એ કામ મુખ્યત્વે ભાષાકીય ધોરણે પાર પાડવું. અને એ બરાબર હતું; કારણ કે આપણી ભાષાઓ વિકસે અને બંધારણ મુજબ આઝાદ હિંદનું ભાષાકીય સંગઠન કરવા અંગેના આદેશો અને આવશ્યકતાઓ તરફ ધ્યાન અપાય તથા તેમનો આદર થાય, એ પણ આપણે જોવું જોઈએ.

૨

ભાષાકીય સંગઠનના કામના પાયામાં અત્યારની રાજ્યભાષા અંગ્રેજીને ખસેડીને, તેને સ્થાને, હિંદી અને બીજી ભારતીય ભાષાઓને તે હેતુસર વિકસાવીને મૂકવાનો ક્રાંતિકારી વિચાર રહેલો છે. બંધારણનો આ આદેશ આપણા કેળવણી-તંત્રને પણ ધરમૂળથી હચમચાવી મૂકે છે; કારણ કે તે તંત્ર, અંગ્રેજી રાજ્ય હેઠળ, અંગ્રેજી ભાષાને કેન્દ્રમાં રાખીને, તેની આસપાસ ગોઠવાયેલું છે.

એ કેળવણી-તંત્ર હવે કેવું વિકૃત દશામાં આવી પડેલું છે. સ્વરાજ અથવા પૂર્ણ આઝાદીના નવા યુગમાં જે પ્રજાકીય નવા નવા હેતુઓ સિદ્ધ કરવાના હોય, તેમને તે તંત્ર યથાયોગ્ય મદદરૂપ થતું નથી તેમ જ થઈ શકે તેમ નથી. તેથી, કેળવણીની પુનર્ઘટનાના સવાલો, કેળવણીના ક્ષેત્રના જ નહીં, પરંતુ રાજકીય ક્ષેત્રના તેમ જ અન્ય કાર્યકર્તાઓને પણ, સતત ચિંતા કરાવી રહ્યા છે.

અત્યારે, આ પ્રશ્નો ઉપર આપણા આગેવાનો જોઈએ તેટલું લક્ષ આપતા નથી. તે પ્રશ્નો સૌથી પ્રથમ અગત્યના ગણાતા નથી. તેમ છતાં, અગત્યના સરકારી અહેવાલોમાં — જેવા કે યુનિવર્સિટી કમિશન, માધ્યમિક શિક્ષણનું કમિશન વગેરેના અહેવાલોમાં — કેળવણીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્ધતિની સુધારણા માટે કરવામાં આવેલાં સૂચનો ઉપર વિચાર કરીને, ઇષ્ટ સુધારાની દૃષ્ટિએ તેમનું જે કાંઈ મૂલ્ય હોય તે પ્રમાણે, તેમનો અમલ કરવાનું કામ હાથ ઉપર પડેલું છે.

આ બાબતમાં સૌથી આગળ પડતા પ્રશ્નોમાંનો એક એ છે કે, હિંદની કેળવણીમાં ભાષાકીય અભ્યાસના પ્રશ્નનો ઉકેલ કેવી રીતે લાવવો ? એને માટે નવા દિશાફેરની, નવી દૃષ્ટિની તથા નવા દૃષ્ટિબિંદુની જરૂર પડે તેમ છે. અને એ પ્રશ્ન એટલો તાકીદનો બની ગયો છે કે, તેનો કોઈ સુખદ ઉકેલ આવ્યા વિનાનું દરેક વર્ષ જેમ જેમ જાય છે, તેમ તેમ તે વધુ ને વધુ વિકટ બનતો જાય છે.

અને એટલું ઓછું હોય તેમ, હવે પાછો રાજ્યપુનર્ઘટના કમિશનના અહેવાલની પાછળ પાછળ રાજ્યભાષા કમિશનનો રિપોર્ટ આવી રહ્યો છે. કેન્દ્રીય રાજ્યવહીવટની કક્ષાએ અંગ્રેજીને સ્થાને હિંદીને મૂકવાના પ્રશ્ન ઉપર તે અહેવાલ આખી પ્રજાનું ધ્યાન અવશ્ય કેન્દ્રિત કરશે. એ પ્રશ્નની છણાવટ કરી રાષ્ટ્રપતિ આગળ અહેવાલ રજૂ કરવા એ કમિશન નિમાયું હતું. સાથે સાથે એ પ્રશ્ન કેળવણીના ક્ષેત્રને પણ સ્પર્શવાનો જ; અને ખાસ કરીને અ-હિંદીભાષી પ્રદેશોમાં શાળાઓ અને કૉલેજોમાં હિંદી ભાષા શીખવવાની આવશ્યકતા ઉપર બધાનું ધ્યાન ખેંચવાનો.

હવે પછીનાં પાનાંમાં, રાષ્ટ્રીય પુનર્ઘટનાની દૃષ્ટિએ ભાષાશિક્ષણનો આ પ્રશ્ન સરકારે અને પ્રજાએ શી રીતે ઉકેલવા માટે મંડવું જોઈએ, તેના કેટલાક મુખ્ય મુદ્દા ચર્ચીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

બંધારણ અને અંગ્રેજી

૧

રાજ્યવહીવટના અને ઉચ્ચ કેળવણીના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને તેના અસ્વાભાવિક અને તેથી અઘટિત સ્થાનમાંથી ખસેડવી એ કાર્ય, હિંદના બંધારણ હેઠળ આપણને જે રાષ્ટ્રીય મહત્ત્વનાં કાર્યો હાથ ધરવાની હાકલ થઈ છે, તેમાં સૌથી વધુ અગત્યનું છે. રાષ્ટ્રના સમગ્ર જીવન ઉપર તેની અસર અવશ્ય ક્રાંતિકારી નીવડે તેવી છે. હિંદમાં તેના અત્યાર સુધીના ઇતિહાસમાં સંસ્કૃત, ફારસી અને અંગ્રેજી ભાષાઓ રાષ્ટ્રની સામાન્ય ભાષાઓ તરીકે આવી છે. પરંતુ તે ભાષાઓ માત્ર મૂઠીભર લોકોને જ આવડતી હતી. એ ભાષાઓ જનતાની ભાષાઓ ન હતી; તેઓ નાના વર્ગોની જ ભાષાઓ હતી. તેથી કરીને એ ભાષાઓ, આપણે જે લોકશાહી તંત્ર હવે સ્થાપવા ઇચ્છીએ છીએ, તેની સ્થાપનામાં મદદગાર કે હિતકર ન નીવડી શકી. આપણા ઇતિહાસમાં આપણે કદાચ પહેલી વાર સામાન્ય માણસની ભાષાઓને તેના રાજ્યવહીવટ અને કેળવણીના માધ્યમ તરીકે લાવવાનો લોકશાહી અખતરો હાથ ઉપર લીધો છે.

પરંતુ આપણો દેશ બહુ-ભાષી હોવાથી, આપણા એ અખતરા માટે સાથે સાથે એક આંતર-ભાષા પણ અવશ્ય જોઈએ જ. એટલે આપણે નક્કી કર્યું કે, એ ભાષા આપણામાંના સૌથી વધુ સંખ્યાના લોકો જેને જાણે છે એવી હિંદી ભાષા હશે; સંસ્કૃત, ફારસી અથવા અંગ્રેજી જેવી અલ્પસંખ્યક લોકોની ભાષા એ નહીં હોય, — ભલે ને પછી તેઓ ગમે તેટલી સમૃદ્ધ કે વિકસિત હોય. પરંતુ એ નિર્ણય આપણા ઉપર એક ભારે જવાબદારી નાખે છે. જો એને અદા કરવામાં આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફળ નીવડીએ, તો આપણો એ પ્રયત્ન જ આપણા સ્વપ્નના નવા હિંદને — લોકશાહી-યુક્ત અને સમાનતા-મૂલક સમાજને — સર્જવામાં મદદગાર બની રહેશે. તેથી કરીને, હિંદના બંધારણે સ્વીકારેલ ભાષાકીય આયોજન અને નીતિ, નૂતન હિંદના — અર્થાત્ આઝાદ તથા લોકશાહી યુક્ત, સર્જનોન્મુખ તથા સમાનતા-મૂલક હિંદના — પુનર્નિર્માણમાં સૌથી વધુ યુગ-પ્રવર્તક બાબત છે.

૨

બંધારણના એ ભાષાકીય આયોજન ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, આ મહાન પુનર્રચનાનું કાર્ય, આપણે આપણી મહાન રાષ્ટ્રીય ભાષાઓનો અને આંતરભાષા હિંદીનો ઝડપપૂર્વક ઉપયોગ કરીને અંગ્રેજી ભાષાને ખસેડવા દ્વારા સાધવાનું છે. એ આંતરભાષા હિંદી, આપણો દેશ જે તેની જંગી ભાષાકીય સમૃદ્ધિથી વિભૂષિત થયેલો છે, તેમાં દૂધમાં સાકર જેવા ઉમેરારૂપ થશે.

આપણો આ પ્રયત્ન સફળ થાય તે માટે દેશના બધા ભાષાકીય સમૂહો વિકૃત હરીફાઈ તથા અંદર અંદર ઊંચનીચતાના ભાવથી મુક્ત થઈને એકત્રિક અને સંમિલિત પ્રયત્ન કરે, એ અતિ આવશ્યક છે. આંતરભાષા હિંદી, એ સમૂહોમાંના એકની પ્રાદેશિક ભાષા પણ છે. પરંતુ તેથી તે ભાષાએ બીજી ભાષાઓ કરતાં શ્રેષ્ઠતાનો કશો ખ્યાલ ધારણ કરવો કે દાખવવો ન ઘટે; તથા લોકોની તેના જેવી બીજી રાષ્ટ્રીય કે પ્રાંતીય ભાષાઓનાં ક્ષેત્ર પચાવી પાડવાનો ખ્યાલ તેણે ન રાખવો જોઈએ.

આ વસ્તુ અહીં કહેવાની જરૂર એ માટે છે કે, ભણેલા લોકોના રાજ્યકર્તા-વર્ગમાં તથા અવાજ ઉઠાવી શકે તેવા વર્ગમાં એવી માન્યતા-વાળા પણ છે, કે જેઓ અંગ્રેજી ભાષાએ તેમનાં ચિત્તમાં પાડી આપેલા જૂના ચીલાઓની રીતે વિચારીને એવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે કે, જ્યાં લોકોની પોતાની જ નહીં પણ બીજી — એટલે કે આંતરભાષા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદીની જ બોલબાલા થાય. પરંતુ એ તો ઉઘાડું છે કે, બંધારણનો આદેશ કે કલ્પના એવાં હરગિજ નથી. આપણે અત્યારની અંગ્રેજી વ્યવસ્થાની નવી આવૃત્તિ જ નથી જોઈતી; ભલે પછી તે હિંદી ભાષા મારફતે સાધવામાં આવતી હોય.

૩

આ માન્યતાવાળાઓની બરાબર વિરુદ્ધમાં અહિંદીભાષી પ્રદેશોમાં એવી માન્યતાવાળો વર્ગ છે કે જે 'જૈસે થે'ની નીતિને વળગી રહીને અંગ્રેજી ભાષાને જ ચાલુ રાખવાનો આગ્રહ કરે છે. તે વર્ગના લોકોને જો અંગ્રેજીનો ઉપયોગ ચાલુ રાખવા દેવામાં આવે, તો તેની સાથે સાથે તેઓ રાષ્ટ્રની બીજી સામાન્ય ભાષા તરીકે હિંદીને મૂકવા દેવામાં વાંધો ન ઉઠાવે. તેથી, આ માન્યતાવાળાઓ અત્યારે ચાલે છે તેમ, શાળાઓમાં અંગ્રેજી મારફત કેળવણી આપવાનું ચાલુ રાખવા ઇચ્છે અને હિંદીને લગતી બંધારણની કલમને માન આપવા ખાતર તેઓ, જેને શીખવી હોય તેને, — પણ ફરજિયાતપણે નહીં — હિંદી શિખવાડવાની છૂટ રાખે ખરા. અર્થાત્, તેઓ ભાષાકીય ફેરબદલાને બને ત્યાં સુધી ટાળવા ઇચ્છે છે.

તેમની આખી દલીલનો સાર એ છે કે, અંગ્રેજી ભાષા એ તો આપણા માજી રાજ્યકર્તાઓ પાસેથી આપણને વારસામાં મળેલ એક રાષ્ટ્રીય બક્ષિસ છે. તે ભાષા આપણે માટે આધુનિક વિદ્યાની અને ખાસ કરીને વૈજ્ઞાનિક વિદ્યાની પાઈપ-લાઈન બનેલી છે. હું એ વિધાનની ચકાસણી કરવા અહીં નહીં બેસું; પણ એટલું જરૂર કહું કે, પાઈપ-લાઈનો તો અનેક છે — જગતમાં જેટલા લોકો છે તેટલી છે; પરંતુ, જીવન-લાઈન તો એક જ છે અને તે છે લોકની માતૃભાષા. આપણામાં જે કાંઈ ઉત્તમ અંશો છે, તે બધા એ જીવા-દોરી દ્વારા પોષણ પામે તો જ વિકસી શકે અને ફાલી શકે. તેથી જ આપણે આપણી એ જીવા-દોરીનો ઉદ્ધાર કરવો જોઈએ; અને તે જીવાદોરી, પછી, આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ચીલામાં ખૂંપી જઈને રડતો બેઠા છીએ, તેમાંથી આપણો ઉદ્ધાર કરશે.

અંધારણની દૃષ્ટિએ જોઈએ તો, અંગ્રેજીને ચાલુ રાખવા ઇચ્છનારા આ લોકોની માન્યતા પણ, પેલી પ્રથમ જણાવેલી માન્યતા જેટલી જ ખોટી છે. અંગ્રેજી ચાલુ રાખવાની વાત તો નભી શકે તેમ જ નથી, સિવાય કે આપણે અંગ્રેજી કાયમ રાખવા તૈયાર જ હોઈએ અને એ રીતે અંધારણના ભાષાને લગતા વિભાગનું તેમ જ આપણી બધી રાષ્ટ્રીય ભાષાઓની પૂર્તિરૂપ માધ્યમ પૂરું પાડી શકે તેવી એક સામાન્ય રાષ્ટ્રભાષા પોતાને માટે ઊભી કરવાના રાષ્ટ્રના અર્ધી સદી ઉપરાંતના પુરુષાર્થનું ખંડન કરીએ. એ આંતર-ભાષાનું માધ્યમ જ આપણી મૂળભૂત એકતાને અનુભવવાનું અને જીવવાનું સાધન બની રહે. એ એકતા પણ કોઈ અખંડ શિલા જેવી જડ એકતા નહીં; પણ આપણો દેશ પોતાની મહાન સાંસ્કારિક અને પ્રજ્ઞાકીય સિદ્ધિરૂપ જે મૂળભૂત એકતા ધરાવે છે, તેની ભૂમિકા ઉપર સર્જનાત્મક અને જીવંત વિવિધતારૂપ એ હોય.

૪

ઉપર જણાવેલા ધ્યેયને અમલમાં મૂકવા માટે તેની વ્યાવહારિક વિગતો જોઈ કાઢીને આપણી આખી પ્રજા માટેનો રચનાત્મક કાર્યક્રમ તૈયાર કરવાની ફરજ, અંધારણ હેઠળ, આપણે માથે છે. સૌથી પ્રથમ તો હિંદના અંધારણની ૪૫મી કલમ અનુસાર, વિદ્યાર્થીને ૧૪ વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત કેળવણી આપવાની જે રાષ્ટ્રીય યોજના છે, તેમાં આંતરભાષાના શિક્ષણને કાયમીપણે ફરજિયાત બનાવી દેવું જોઈએ, એ ઉઘાડું છે. આ વસ્તુ અંગ્રેજીને ખસેડવાના અને હિંદીનો ઉપયોગ ક્રમે ક્રમે વધારવા માટેના લાંબા ગાળાના પગલારૂપ બનશે. ટૂંકા ગાળાના પગલા તરીકે હિંદની બધી સરકારોના વહીવટી નોકરોને, આ ભાષાકીય ફેરબદલાની તાત્કાલિક જરૂર પૂરતું, આંતરભાષાનું શિક્ષણ આપવાનું કામ હશે. એ પણ ફરજિયાત ધોરણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કરાવું જોઈએ. પહેલું પગલું બિનસરકારી અથવા લોકવિભાગને આવરી લે છે; ત્યારે બીજું પગલું સરકારી નોકરોના વિભાગને આવરી લે છે; તેથી કરીને મુખ્યત્વે તે પ્રવૃત્તિ સરકારી કાબૂ હેઠળની અને સરકારે યોજેલી હશે.

૩૫૧મી કલમમાં સંઘ-સરકારને એવો આદેશ આપવામાં આવ્યો છે કે, તેમાં વ્યાખ્યા કરી બતાવેલી 'હિંદી ભાષાના પ્રચારને ઉત્તેજન આપવાની' તેની ફરજ રહેશે. ઉપરની વસ્તુસ્થિતિના અનુસંધાનમાં જોઈએ તો સંઘ-સરકારની એ અનિવાર્ય ફરજ બની રહે છે. સંઘ-સરકાર બંધારણ હેઠળની પોતાની આ ફરજ, આખા દેશની શાળાઓમાં હિંદી ફરજિયાત વિષય બને એમ કરવા દ્વારા જ અદા કરી શકે, એ ઉઘાડું છે. બંધારણે કલ્પેલા ફેરબદલામાં એ જ પ્રથમ પગલું છે. તેની જોગવાઈ કરવા, જરૂર પડે તો, બંધારણમાં સુધારો કરી લેવો જોઈએ.

૫

સ્વાભાવિક રીતે જ કેટલાક લોકો આ જાતના ફરજિયાતપણાની સામે દલીલ કરશે અને તેના સમર્થનમાં મદ્રાસ તરફની હિંદી-વિરોધી ચળવળ ટાંકશે. એ મુદ્દાનો અવશ્ય જવાબ આપવો જોઈએ.

ફરજિયાતપણું બે પ્રકારનું હોય છે. એક તો ફરજિયાત અભ્યાસક્રમો નિયત કરવા તેમ જ લોકો માટે દેશના લોકશાહી બંધારણમાં ઠરાવેલા આદર્શો અને વિચારોને ઠીક ઠીક અમલમાં લાવી શકે એવી રાષ્ટ્રીય કેળવણીની પદ્ધતિ યોજવી, એ જાતનું. લોકશાહી તંત્રમાં આ વસ્તુ તો રાજ્યની કાયદેસર ફરજ ગણાય છે. એમ પણ કહી શકાય કે, બધી શાળાકીય કેળવણી અમુક પ્રમાણમાં આવા ફરજિયાતપણા ઉપર નિર્ભર હોય છે. પરંતુ જેનો વિરોધ કરવામાં આવે છે, તે આ જાતનું ફરજિયાતપણું નથી. એ ફરજિયાતપણું તો બીજા પ્રકારનું છે; અર્થાત્ અહિંદી-ભાષી રાજ્યના વહીવટમાં જ્યાં શિક્ષણ તથા રાજ્યવહીવટના માધ્યમ તરીકે ત્યાંની પ્રાદેશિક ભાષાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કાયદેસર તથા ઉચિત ગણાય, ત્યાં હિંદી માધ્યમની માગણી કરવી અથવા તેને બળાત્કારે લાદવું, એ જાતનું ફરજિયાતપણું. એ વસ્તુ ઉઘાડી રીતે બિન-લોકશાહી છે, અને તે જોરજુલમ જેવી અવશ્ય લાગવાની જ. અને જો ઉઘાડા કે છૂપા કોઈ પણ માર્ગે તેને લાદવામાં આવે, તો તે વસ્તુ કેળવણી અને સંસ્કારની દૃષ્ટિએ ખરાબ તથા હાનિકારક, અને રાજકીય દૃષ્ટિએ વિઘાતક, તથા વ્યવહારુ દૃષ્ટિએ જોતાં હિંદીના પ્રચારની બાબતમાં પોતાના જ પગ ઉપર કુહાડો મારવા જેવી નીવડે.

૬

મેં ઉપર જણાવ્યું કે, રાજ્યોની સરકાર ઉપર તેમની શાળાઓમાં હિંદીના ફરજિયાત શિક્ષણને દાખલ કરવાની સીધી ફરજ નાખવાની સત્તા અને લાગવગ સંઘસરકાર પાસે હોવાં જોઈએ. માતૃભાષા દ્વારા શિક્ષણના હકને અબાધિત રાખવા રાજ્યપુનર્રચના કમિશને સૂચવ્યા પ્રમાણેનો સુધારો પસાર કરવાથી એ હેતુ સરી રહેશે. તે સુધારામાં એમ પણ કહેવામાં આવ્યું હોય કે, દરેક રાજ્ય તથા રાજ્યમાંની દરેક સ્થાનિક સત્તાએ બંધારણમાં દર્શાવ્યા પ્રમાણે મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટેના ગાળામાં ઓછામાં ઓછાં છેલ્લાં ત્રણ વરસ બધા વિદ્યાર્થીઓને સંઘની રાજભાષાનું ફરજિયાત શિક્ષણ આપવાની પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

હાલમાં તો સામાન્ય રીતે હિંદમાં શાળાનાં આ વર્ષો દરમ્યાન અંગ્રેજી ભાષા શીખવામાં આવે છે. એમાં ફેરફાર કરીને આપણી રાષ્ટ્રીય કેળવણીની યોજનામાં ભાષાઓના અભ્યાસના ક્રમમાં બીજી ભાષા તરીકે અંગ્રેજીને બદલે હિંદીને લાવવી જોઈએ. અંગ્રેજીનું શિક્ષણ તો ફરજિયાત શિક્ષણની ઉંમર પૂરી થયા બાદ, ઉપરની માધ્યમિક કક્ષાએ અભ્યાસ શરૂ થાય તેમાં જ નિયત કરવું જોઈએ. જેઓ અંગ્રેજીને પોતાની માતૃભાષા ગણાવતા હોય, તેમની વાત એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમમાંથી અલગ રહે. અમે કબૂલ કરે છે કે, અંધારણે કલ્પેલી કેળવણી-વિષયક યોજનામાં માતૃભાષાને, અને શાળાના આશરે પાંચમા વર્ષે હિંદીને, એમ બે જ ભાષાઓને સ્થાન હોઈ શકે.

૭

કેટલાક લોકો એમ કહે છે કે, ફરજિયાત શિક્ષણની ૧૪ વર્ષની મર્યાદાની અંદર જ પહેલેથી અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરી શકાય. આ વસ્તુ છેક જ બિન-જરૂરી તથા અંધારણ હેઠળની ભાષાકીય નીતિની આવશ્યકતાઓ બહારની છે. અંગ્રેજી પ્રત્યે દાખવવામાં આવતી આ બિનજરૂરી લાગણી માત્ર 'જ્યાં છીએ ત્યાં જ કાયમ' રાખવામાં મદદગાર નીવડશે અને હિંદીને આગળ પ્રગતિ કરવા નહીં દે. અંગ્રેજી ભાષાના અભ્યાસને બેસેડીને તેની જગ્યાએ હિંદી ભાષાના અભ્યાસને લાવવો એ જ વસ્તુ, અત્યારના આપણા દેશના વાતાવરણમાં, આપણે જે ભાષાકીય ક્રાંતિનો નિશ્ચય કર્યો છે, તેની સાચી તમન્નાની નિશાની રૂપ થશે. રાષ્ટ્રીય કેળવણીની પુનર્રચનાના સામાન્ય સિદ્ધાંત તરીકે આ વસ્તુ સ્વીકારવામાં ન આવે, ત્યાં સુધી ભાષાકીય ફેરબદલાને શરૂ થવા માટે ભાગ્યે અનુકૂળ વાતાવરણ તેને મળે અથવા તો તેની ન્યાયી ચકાસણી કે શુભ શરૂઆત થવાની તેને ભાગ્યે કોઈ તક પ્રાપ્ત થાય.

ઉપરનો સિદ્ધાંત પાયાની કેળવણીના ખ્યાલો સાથે પૂરેપૂરો સુસંગત છે; અને પાયાની કેળવણીને તો દેશમાં દાખલ કરવાનો આપણે નિર્ણય લીધો છે. ઊલટું એમ કહી શકાય કે, આપણી ફરજિયાત કેળવણીની નીતિમાં જ્યાં સુધી હિંદી અને અંગ્રેજીના સ્થાન બાબત ઉપર જણાવેલી નીતિ રાષ્ટ્રીય ધોરણે ન અપનાવવામાં આવે, ત્યાં સુધી પાયાની કે સાર્વત્રિક રાષ્ટ્રીય કેળવણી પોતે ટકી શકે કે ફાલીફૂલી શકે તેવો સંભવ જ નથી.

૨૧-૧૨-'૫૬ (અંગ્રેજી પરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ભાષાશિક્ષણનો ક્રમ

(અંગ્રેજી ક્યારે શરૂ કરી શકાય)

૧

હિંદુસ્તાનની કેન્દ્ર સરકારે થોડા મહિના અગાઉ જાહેર કર્યું હતું કે, કેળવણીની માધ્યમિક ભૂમિકાએ વિદ્યાર્થીએ ઓછામાં ઓછી ત્રણ ભાષાઓ શીખવી જોઈશે — તેની પોતાની ભાષા, હિંદી અને અંગ્રેજી. હિંદી-ભાષી પ્રદેશમાં વિદ્યાર્થીએ હિંદની બીજી કોઈ ભાષા શીખવા લેવી જોઈશે. હવે આ ત્રણ ભાષાઓનો અભ્યાસ કયા ક્રમમાં શરૂ થાય, માધ્યમિક શિક્ષણના સમય દરમ્યાન કેટલાં વરસો દરમ્યાન તેમનો અભ્યાસ થાય, અને માધ્યમિક શિક્ષણનો સમય ચોક્કસ કયો ગણવો — આ પ્રશ્નોનો જવાબ આપવો રહ્યો.

વિદ્યાર્થીની પોતાની ભાષા, કહો કે તેની પ્રાદેશિક ભાષાનો અભ્યાસ તો પ્રથમ જ આવે, એ બધા કબૂલ રાખે છે. હવે બાકીની બે — આંતરભાષા હિંદી અને અંગ્રેજી, તેમાંથી કઈ પ્રથમ શીખવાય, એ બહુ ચર્ચાભર્યો પ્રશ્ન છે. મને લાગે છે કે, એ બાબતમાં ચર્ચા ઊભી થવાની કશી જરૂર નથી. પરંતુ કમનસીબે એ ચર્ચા ઊભી થઈ છે જ; અને તેનો કશો અંત આવતો નથી. તેનું મૂળ આપણા અંગ્રેજી શિક્ષણના ઇતિહાસમાં તથા આપણી સામાજિક-રાજકીય પરિસ્થિતિમાં રહેલું છે.

હિંદુસ્તાનમાં અંગ્રેજી શિક્ષણ એ એક ઉપલા વર્ગની પ્રવૃત્તિ રહી છે. એ શિક્ષણથી લાભ મેળવનારા ઉપલા વર્ગો જેમ જેમ ફાવતા ગયા, તેમ તેમ આમ-વર્ગો વધતી જતી નિરક્ષરતામાં સબડતા ગયા, અને એ નિરક્ષરતાનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ભયજનક બની ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સાથે આમ-વર્ગો તીવ્ર ગરીબાઈ અને કઠોર ઉપેક્ષા હેઠળ પણ કચરાતા ગયા. સર આઈવર જેનિંગ્સ તેના એક અભ્યાસપૂર્ણ પુસ્તકમાં તાજેતરમાં જણાવે છે તેમ — "અંગ્રેજી શિક્ષણ માટેની માગણી એ કાંઈ અંગ્રેજી ભાષા કે અંગ્રેજ લોકો પ્રત્યેના કોઈ પ્રેમને આભારી ન હતી. તેનું મુખ્ય કારણ તો અંગ્રેજી શિક્ષણ . . . સરકારી નોકરીઓમાં અને કાંઈક પછીના સમયે વ્યાપારી નોકરીઓમાં જગા મેળવવામાં મદદગાર બનતું, એ હતું. . . . " વળી તે નોંધતા જાય છે કે, "અંગ્રેજીનો ઉપયોગ આ પ્રમાણે વર્ગભેદનું ચિહ્ન બની રહ્યો હતો; કારણ કે, તે ભાષા વાપરનારો માણસ ઉચ્ચ આર્થિક સ્થિતિ ભોગવનાર વર્ગનો છે, એમ આપોઆપ જણાઈ જતું."

સરકારના તંત્રની તથા દેશની કેળવણીની લગામો અત્યારે મુખ્યત્વે એ વર્ગના જ હાથમાં છે. આજના તંત્રમાં જેમના હાથમાં બધી સત્તા છે તે બધા — એટલે કે સરકારી નોકરો, પ્રધાનો અને અગ્રેસરો વગેરે એ વર્ગમાંથી જ આવે છે. આ પ્રમાણે, અંગ્રેજી ભાષા પોતાનો અડ્ડો જમાવી રહી છે, અને ઉપલા વર્ગો માટે હવે તે અંગત હિત-સ્વાર્થનો પ્રશ્ન બની છે. તેથી કરીને અંગ્રેજીને બસેડીને તેને સ્થાને દેશી ભાષાઓનો ઉપયોગ શરૂ કરવો, એ માત્ર ભાષાકીય કે કેળવણીને લગતો પ્રશ્ન નથી રહ્યો, પરંતુ તે તો સામાજિક–રાજકીય અને સાંસ્કૃતિક પ્રશ્ન બની ગયો છે. આપણે આપણા રાષ્ટ્રીય જીવનનું યોગ્ય લોકશાહી માર્ગોએ નવઘડતર કરવા ઇચ્છતા હોઈએ, તો આપણું બંધારણ, તેથી કરીને જ, એ બાબતને અગત્યની ગણીને તેનો આદેશ આપે છે.

૨

અંગ્રેજીનું શિક્ષણ પહેલું આવે કે હિંદીનું – એ ચર્ચા બિનજરૂરી છે, એમ મેં ઉપર જણાવ્યું છે. કારણ કે, આપણે જો આખી પરિસ્થિતિ બરાબર તપાસીએ, તો આપણને જણાશે કે એ તો હૃદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથાની વાત માનવાની ના પાડે, એના જેવી આબત છે. બધા સ્વીકારે છે કે, હિંદીને દાખલ કરવી જ જોઈએ. હિંદી-ભાષી કે અહિંદી-ભાષી એમ બધા લોકોએ મળીને આણેલા રાષ્ટ્રીય ઉકેલ તરીકે બંધારણ તેનો આદેશ કરે છે. રાધાકૃષ્ણ અને મુદલિયાર કમિશનો જેવાં કેળવણી સંબંધી કમિશનોએ તે બાબતની સંમતિપૂર્વક નોંધ લીધી છે. મુદલિયાર કમિશને જણાવ્યું છે કે, માધ્યમિક શાળામાં બે નવી ભાષાઓ એકીસાથે દાખલ કરવી ન જોઈએ. એ તો શિક્ષણશાસ્ત્રનો સ્પષ્ટ સિદ્ધાંત છે. પરંતુ દેશની આંતરભાષા હિંદીનો અભ્યાસ પ્રથમ શરૂ થાય અને અંગ્રેજીનો તે પછી, એ બાબત અંગે એ કમિશને કશો નિર્ણય આપવાનું પસંદ નથી કર્યું અથવા તેવો નિર્ણય કદાચ તે લઈ શકયું નથી. જોકે તેણે જણાવ્યું ખરું કે, હિંદીનો અભ્યાસ ફરજિયાત હોવો જોઈએ. કદાચ અંગ્રેજી ભાષાના અભ્યાસની આસપાસ ગૂંથાયેલ હિતસ્વાર્થોને તથા પ્રત્યાઘાતી બળોને હઠાવી કાઢવા જેટલી હિંમત તે દાખવી નથી શકયું. કારણ ગમે તે હો, પરંતુ હિંદી અને અંગ્રેજી વચ્ચે પ્રથમ કોણ આવે એ અગત્યના પ્રશ્નનો કશો સીધો ઉકેલ તેણે આપ્યો નથી.

બીજી બાજુ, તાજેતરમાં કેટલાંક શિક્ષણશાસ્ત્રી મંડળો તરફથી એવો અભિપ્રાય રજૂ કરવામાં આવે છે કે, અંગ્રેજીનો અભ્યાસ જેમ વહેલો શરૂ થાય, તેમ સારો. એક કેળવણી વિષયક સામયિકના તંત્રીએ જણાવ્યું છે કે, 'અંગ્રેજીનો અભ્યાસ વધુ વહેલો નહીં તો ૧૧ કે ૧૨ વર્ષની ઉંમરથી મોડો તો ન જ શરૂ થવો જોઈએ,' અને પછી તેણે કેળવણીની બાબતમાં સત્તાવાર કહી શકાય એવાં માધ્યમિક શિક્ષણ કમિશન વગેરેના ઉતારા ટાંકયા છે. મેં ઉપર જણાવ્યું છે કે, એ કમિશનનો અભિપ્રાય એ જાતનો નથી. તે તો હું અહીં જે વાત કરી રહ્યો છું તેને છેવટ સુધી ટેકો જ આપે છે; માત્ર એને અંગે સ્પષ્ટ ભાષામાં કથન કરવા આગળ જ તે અટકી જાય છે. છતાં ઉપરની દલીલનો જવાબ તો આપવો જ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

મને લાગે છે કે, ઉપર ટાંકેલો શિક્ષણશાસ્ત્રી અભિપ્રાય, હિંદની કેળવણીમાં ભાષાઓના અભ્યાસની બાબતમાં પ્રથમ સ્થાન કોનું હોય, તે બાબતની મૂળભૂત વિચારણા કરતો જ નથી. શિક્ષણશાસ્ત્રને લગતી બાબતો એની પછી જ આવવી જોઈએ. અને આ મુદ્દાની શિક્ષણ-શાસ્ત્રને લગતી બાજુ પૂરતા તો આપણે સીધું એમ પણ પૂછી શકીએ કે, માત્ર અંગ્રેજી જ શા માટે? તમામ પ્રકારના પ્રારંભિક અભ્યાસ માટે નાની ઉંમર એ જ સારામાં સારો સમય છે, એમ જરૂર કહી શકાય. ભાષા શીખવાનો જ દાખલો લઈ ને કહીએ તો શિક્ષણશાસ્ત્રની એ જ દલીલ, આપણી પરિસ્થિતિમાં વધારે નહીં તો, એટલા જ બળથી તથા વાસ્તવિકતાથી, હિંદી ભાષા શીખવાની બાબતને જ લાગુ નથી પડતી? અથવા બાળકે બીજી કોઈ પણ ભાષા શીખવી આવશ્યક હોય, તો તેને પણ લાગુ નથી પડતી?

અંગ્રેજી ભાષાનો અભ્યાસ વહેલો શરૂ કરવાના પક્ષકારો, મને લાગે છે કે, શિક્ષણશાસ્ત્રને નામે કરવામાં આવતી દલીલ માત્ર અંગ્રેજીની જ બાબતમાં લાગુ કરીને તેનો દુરુપયોગ જ કરે છે. આપણે જો સાચી વૈજ્ઞાનિક રીતે એ બાબતમાં આગળ વધવા માગતા હોઈએ, તો વિચારવાનો પ્રથમ પ્રસ્તુત મુદ્દો એ હોય કે, આ બાબતમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ પ્રથમ સ્થાન કોનું છે? અને મને ઘણો ડર છે કે, એ વિચારણા તરફ સ્પષ્ટ નહીં દર્શાવાતાં કારણોસર જાણીબૂજીને દુર્લક્ષ કરવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ અભિપ્રાય આપનારાઓએ, સૌથી પ્રથમ તો, કોઈ ભાષા શીખવાની આવશ્યકતા ઉપર તથા આપણી સમગ્ર જનતાની કેળવણીની દૃષ્ટિએ પ્રથમ સ્થાન કોનું હોય, તે બાબત ઉપર લક્ષ આપવું જોઈએ; માત્ર અમુક નાના વર્ગની દૃષ્ટિએ વિચારવું જોઈએ નહીં. અને એ કંઈ માત્ર શિક્ષણશાસ્ત્રને લગતો પ્રશ્ન ન થયો; એ તો રાષ્ટ્રીય જીવનને લગતી અને આપણા રાષ્ટ્રીય જીવનના નવા ઘડતરના સિદ્ધાંતોને લગતી બાબત થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃષ્ટિબિંદુથી વિચારીએ તો, પૂર્વગ્રહરહિત બુદ્ધિવાળા કોઈ ને પણ સ્પષ્ટ થશે કે, અભ્યાસની પ્રથમ ભાષા વિદ્યાર્થીની પોતાની પ્રાદેશિક ભાષા જ હોય; પછી તેના દેશની આંતરભાષા હિંદી આવે; અને પછી જો તે આગળ અભ્યાસ કરે, તો અંગ્રેજી જેવી ત્રીજી આધુનિક ભાષા આવે. આ વસ્તુ તદ્દન દેખીતી તથા સ્વાભાવિક છે. આપણા દેશનો મૂળભૂત કાયદો, અર્થાત્ આપણું રાજ્યબંધારણ — પણ તે વાત જ મંજૂર રાખે છે. પરંતુ મેં આગળ જણાવ્યું તેમ, દુઃખની વાત એ છે કે, અંગ્રેજી કેળવણીનાં સો વર્ષને લીધે જન્મેલાં પ્રત્યાઘાતી રૂઢિચુસ્ત બળો વધુ જોરદાર નીવડ્યાં છે અને આ ઉઘાડી બાબત પણ સ્વીકારાતી નથી. અને મને ડર છે કે, કેળવણીના ક્ષેત્રમાં ઉપર જણાવેલ ભાષાશિક્ષણમાં પ્રથમ સ્થાન બાબતના સ્પષ્ટ સિદ્ધાંતને પિછાનવાની માગણીનો જુવાળ રોકવા માટે એક ચાલાકીભરી હિલચાલ ઊભી કરવામાં આવી છે.

૪

અહીં આપણે ઉપર જણાવેલા શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતની વાત કરનારાઓને એક સવાલ સહેજે પૂછી શકીએ કે, તમે લોકો અંગ્રેજી માધ્યમની બાબતમાં શું કહો છો ? શિક્ષણશાસ્ત્ર એ બાબતમાં તો સ્પષ્ટ અને એકમત છે કે, અંગ્રેજી ભાષા માધ્યમ તો ન હોઈ શકે; માધ્યમ તો વિદ્યાર્થીની સ્વભાષા જ હોઈ શકે. શિક્ષણશાસ્ત્રીઓ અત્યારને તબક્કે એ બાબત ઉપર ભાર મૂકે, એ વસ્તુ લોકોને સાચે માર્ગે દોરવા માટે આવશ્યક ગણાય. પરંતુ એ બાબતમાં એ લોકો ગુનાભરી રીતે ચૂપ રહેતા હોવાનું દુઃખદ દૃશ્ય આજે આપણને જોવા મળે છે. ટોચ ઉપરના થોડાક લોકોની આવશ્યકતાઓ આવી મૂળભૂત બાબતોની વિચારણાને હાંકી કાઢી શકે એવી છૂટ આપવામાં આવે છે; અને શિક્ષણશાસ્ત્રમાંથી અપ્રસ્તુત બાબતોને, અનુચિત રીતે, એક ખોટો કેસ પુરવાર કરવા સારુ, – અર્થાત્ અંગ્રેજીના શિક્ષણને વધુમાં વધુ પ્રથમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન આપવા માટે – ખડી કરવામાં આવે છે. તેમનાં મળતિયાં મંડળો તરફથી અત્યારે જે આમતો આગળ કરવામાં આવે છે તે આપણે તપાસીશું, તો આ વસ્તુ આપણને વધુ સ્પષ્ટ થશે.

દાખલા તરીકે, કેટલાંક સરકારી કેળવણી ખાતાંઓ તરફથી એક એવો અભિપ્રાય છૂપી રીતે ઊભો કરવામાં આવે છે કે, અંગ્રેજીના અભ્યાસને આઝાદી પૂર્વે હતો તેની લગભગ સમાન ભૂમિકાએ પાછો લાવી મૂકવો જોઈએ. યુનિવર્સિટી મંડળો પણ પોતાની રીતે આ રાગ આલાપવામાં ભળ્યાં છે. તેઓ ઢંઢેરો પીટવા લાગ્યાં છે કે, ઉચ્ચ શિક્ષણનાં ધોરણ એકદમ ઊતરી ગયાં છે, અંગ્રેજીનું શિક્ષણ પણ બિસમાર હાલતમાં આવી પડ્યું છે; અને તેથી આપણે સવેળા સાવધાન થવું જોઈએ; નહીં તો કેળવણી ખતરામાં આવી પડશે. આ ભલા મિત્રો એમ તો નથી જ સૂચવવા માગતા ને કે, અભ્યાસનાં ધોરણો, — જો આપણે ત્યાં ધોરણો કહી શકાય એવું કાંઈ કદી હોય તો, — હમણાં હમણાં જ ઊતરવા લાગ્યાં છે? તેમ જ એમ પણ નથી કહેતા ને કે, માધ્યમિક શાળાઓમાંથી માધ્યમ બદલવાથી એમ બનવા પામ્યું છે? માધ્યમના એ મુદ્દા અંગે તો મુદલિયાર કમિશને ફેંસલો આપી દીધો છે અને સરકારે પણ તે ફેંસલો સ્વીકાર્યો છે કે, પ્રાદેશિક ભાષા જ માધ્યમિક શિક્ષણની કક્ષાએ માધ્યમ હોઈ શકે.

માધ્યમિક કક્ષા ક્યાંથી શરૂ થવી જોઈએ, એ બીજો ચર્ચાસ્પદ મુદ્દો છે. કેળવણીનું કેન્દ્રીય સલાહકાર મંડળ તો એમ કહે છે કે, અભ્યાસનાં પ્રથમ આઠ વર્ષોનો પ્રાથમિક અથવા પાયાની કેળવણીનો એક સળંગ ઘટક હોય. છતાં આપણા કમનસીબની કરુણતા એવી છે કે, રાજ્યોની સરકારોએ પોતાની કેળવણી-પદ્ધતિમાં આ વાત સ્વીકારી નથી, તેમ જ અમલમાં મૂકી નથી. અંગ્રેજી જ તેનું કારણ છે.

અરે, પંચવર્ષી યોજનાના ઘડવૈયાઓ પણ અંગ્રેજીનો એ રાગ આલાપવામાં તેમની રીતે ભળ્યા છે! તેઓ કહેવા મંડ્યા છે કે, દેશને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેકનિશિયનો (યંત્રોદ્યોગવિદ લોકો) જોઈએ. એ વાતની કોઈ ના નથી પાડતું; જોકે એ વર્ગના પણ ઘણા એકાર પડયા છે, એમ જાણવા મળે છે. છતાં, આ અભિપ્રાયવાળાઓ શિક્ષણશાસ્ત્રના ક્ષેત્રમાં એવું કહેતા ઘૂમવા લાગ્યા છે કે, અંગ્રેજી દ્વારા શીખવવાનું ચાલુ રાખીએ તો જ આપણને એ યંત્રવિદો મળી શકે! એવું નિવેદન કરવું એ એક ભારે વિચિત્ર વાત કહેવાય. તેમ છતાં ઉચ્ચ વર્તુળોમાં પણ એનું રટણ થાય છે! એ અભિપ્રાયવાળાઓ વિજ્ઞાનવિદ્યાઓ વચ્ચે ભેદ પાડીને કહે છે કે, માનવવિદ્યાઓ હિંદી ભાષાઓ દ્વારા ભલે શીખવાય; પરંતુ વિજ્ઞાનશાસ્ત્ર માટે તો આપણે અંગ્રેજી માધ્યમ સ્વીકારવું જ જોઈએ! ખરું કહીએ તો ઊલટી જ વાત સાચી છે. વિજ્ઞાનશાસ્ત્રના અભ્યાસ માટે વિકસેલી ભાષારૂપી માધ્યમ માનવવિદ્યાઓ જેટલું આવશ્યક નથી. વિજ્ઞાનવિદ્યાઓના અભ્યાસ માટે તો આપણે આપણી ભાષાઓનું માધ્યમ સહેલાઈથી ઉપયોગમાં લાવી શકીએ; આપણે માત્ર થોડીક વૈજ્ઞાનિક નિશાનીઓ અને પ્રતીકો તથા જોઈતા પારિભાષિક શબ્દો અંગ્રેજીમાંથી ઉપાડી લઈએ એટલે બસ. આપણી ભાષાઓ માટે એ પારિભાષિક શબ્દો વિશેષનામો જેવા જ ગણાય અને આપણી લિપિઓ એવી વિકસેલી છે કે, તેઓમાં આપણે તેમને સહેલાઈથી ઉતારી શકીએ. મુદ્દાની વાત એટલી છે કે, વિજ્ઞાન અને યંત્રવિદ્યા માટે પરિભાષા બાદ કરતાં જે ભાષાકીય સંભાર જોઈએ, તે બહુ સીધો સાદો છે; અને પાશ્ચાત્ય માનવ-વિદ્યાઓ માટે જેવો જોઈએ છે તેવો જટિલ નથી.

૫

આ મુદ્દાઓ ઉપર હું અહીં આથી વધારે ચર્ચા નહીં કરું. અત્યારે એક વાત સ્પષ્ટ છે કે, અંગ્રેજીને બ્રિટિશ રાજ હેઠળ જે અસ્વાભાવિક સ્થાન મળ્યું હતું, તેને ટકાવી રાખવા માટે, અર્થાત્ 'જૈસે થે'ની સ્થિતિ ચાલુ રાખવા માટે એક પ્રબળ પ્રત્યાઘાત દેશમાં ઊભો થયો છે; તથા તેને બધી જાતના સત્તાધારીઓનો ટેકો છે. આનો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો હરગિજ નથી કે, આપણે અંગ્રેજી ભાષાના અભ્યાસની જરૂરને જ ઉતારી પાડવા માગીએ છીએ. જેનો આપણે વિરોધ કરીએ છીએ તે વસ્તુ તો આપણી અત્યાર સુધીની કેળવણીપદ્ધતિને શાપરૂપ નીવડેલ એવો અંગ્રેજી ભાષાના અભ્યાસ માટેનો અત્યાગ્રહ છે. એ વસ્તુએ જ હિંદની કેળવણી-પદ્ધતિના નવ-ઘડતરના પ્રશ્નને પણ ગૂંચવી નાખ્યો છે; જોકે હવે આપણે એ નવઘડતરને આપણી મરજી મુજબ પાર પાડવા પૂર્ણપણે સ્વતંત્ર છીએ. છતાં આપણે જરાય આગળ ખસતા જ નથી! અને વધારે ખરાબ તો એ છે કે, કેવી રીતે આગળ ખસવું તે પણ નક્કી કરતા નથી! નિર્ણયો લેવાય છે, પણ તેમનો અમલ થતો નથી. અરે, ઘણી વાર તો માત્ર ઉપેક્ષા વડે જ તે નિર્ણયોને નહીંવત્ કરી મૂકવામાં આવે છે. વળી પાછા તે નિર્ણયોને ફરી વાર તપાસીને સંશોધિત કરવામાં આવે છે, અને તેમનો પણ એ જ ફેજ થાય છે! પરિણામે, આપણે જે નવા યુગમાં દાખલ થયા છીએ, તેમાં અવશ્ય કરવા જેવી જે ઉઘાડી બાબતો છે, તે પણ હિંમતપૂર્વક હાથ ધરાતી નથી. હિંદ જો આઝાદ થયો હોય, તો તેની કેળવણીપદ્ધતિ પણ એ આઝાદીના દૃષ્ટિબિંદુ અનુસાર ફેરવવી જોઈએ, જેથી કરીને, લોકોમાં આઝાદીએ જે પ્રેરણા અને લાગણીઓ ઊભી કરી છે, તેમનો પડકાર તે ઝીલી શકે. આ જગાએ જ ભાષાઓના અભ્યાસમાં પ્રથમ સ્થાનનો પ્રશ્ન અગત્યનું કેન્દ્ર-સ્થાન પ્રાપ્ત કરે છે. એ પ્રશ્નનો યુક્તિ-સંગત ઉકેલ લાવવો જોઈએ અને રાષ્ટ્રના આગેવાનોએ તે અનુસાર વર્તવું જોઈએ. એ ફેરફાર ક્રાંતિકારી છે, એમાં શંકા નથી. પરંતુ એ ફેરફાર કરવા માટે આપણે વચનબદ્ધ થયેલા છીએ. કેળવણી અને લોકતંત્રમાં આપણા લોકોની આગેકૂચને ધીમી પાડી દઈને જ એ ફેરફાર કરવામાંથી આપણે છટકી શકીએ.

એક વધુ ભાષા — સંસ્કૃત, અરબી, ફારસી, લૅટિન વગેરે જેવી પ્રાચીન અને શિષ્ટ ભાષા શીખવાનો પ્રશ્ન પણ વિચારવા જેવો બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન છે. અભ્યાસની ભાષાઓના ક્રમમાં તેનું પણ સ્થાન છે અને માધ્યમિક ધોરણોમાં તે વિકલ્પ તરીકે આવે. ઉપર ચર્ચેલા ક્રમિક માળખાને તે કોઈ રીતે નડતરરૂપ થાય તેમ નથી.

૧૧-૩-'૫૭ (અંગ્રેજી ઉપરથી)

૪

ફરી પાછો ઊથલો!

ધો૦ ૫, ૬, ૭માં પાછું અંગ્રેજી આણવાની વાત મુંબઈ રાજ્યમાં બીજી કે ત્રીજી વારનો ઊથલો મારે છે, એ યાદ આણવા જેવું છે. શિક્ષણમાં અખિલ ભારતીય મહત્તાના આ મૌલિક સુધારાનો ટૂંકો ઇતિહાસ જોવાથી આ તરત જણાશે.

૧

ઈ. સ. ૧૯૩૭-૮માં ગાંધીજીએ પ્રાથમિક શિક્ષણમાં સુધારો રજૂ કરવા વર્ધા શિક્ષણ પરિષદ બોલાવી. તેમાં તેમણે કહ્યું કે, દેશમાં સૌને સમાન રૂપે, અને સાર્વત્રિક ઢબે મળે એવી જે પ્રજાની આમ-કેળવણી, તેના અભ્યાસક્રમનું ટૂંકું સૂત્ર એ રાખવું કે — ચાલુ "મૅટ્રિક કક્ષા બોજા અંગ્રેજી."

અને એમાં એવો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો કે, દેશની મફત અને સાર્વત્રિક આપવાની જે વ્યાપક લોક-શિક્ષણ-યોજના હોય, તેમાં

(૧) અંગ્રેજી ભાષાને સ્થાન ન હોય;

(૨) તેમાં દેશની આંતરભાષા હિંદીને સ્થાન હોવું જોઈએ; તથા

(૩) બધું શિક્ષણ સ્વભાષા દ્વારા અપાય; અને

(૪) પ્રત્યક્ષ સમાજજીવન અને તેનો ધારણહાર એવો જે શ્રમ, — જીવનને પોષક એવાં જે ઉપજાઉ ઉદ્યોગ અને મહેનતમજૂરી, —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આ કેળવણીનું માધ્યમ કે માર્ગ-પદ્ધતિ બને. અક્ષરજ્ઞાનનું શિક્ષણ આ મૂળ જીવન-જરૂરિયાતની આસપાસ અને તેને પોષક રીતે અપાય.

૨

પ્રજાની પ્રાથમિક કે સાર્વત્રિક શિક્ષણવ્યવસ્થામાં અંગ્રેજીને સ્થાન ન હોય, એવો આ સિદ્ધાંત નવો નથી. અંગ્રેજી રાજ્યે પણ એ જ સ્વીકારેલો. પણ તેણે તેમાં ફરક એટલો જ કરેલો કે, પ્રથમ ચાર પાંચ વરસનું શિક્ષણ પ્રાથમિક ગણવું.

ગાંધીજીએ જે સુધારો દેશ આગળ મૂકેલો તેમાં, ખરું જોતાં, વરસની સંખ્યાની આ મર્યાદાનો જ ફેર કર્યો અને વર્ધા પરિષદે ઠરાવ્યું કે, શિક્ષણનાં પ્રથમ ૮ વરસ એ એક અખંડ સમન્વિત રાષ્ટ્રીય શિક્ષણનો વ્યાપક ઘટક છે; તેમાં ખંડ કે ભાગલા ન પાડવા.

શિક્ષણવ્યવસ્થાનો આ સિદ્ધાંત આજે રાષ્ટ્રના બંધારણથી તેમ જ બધી રીતે સર્વસંમત છે. છતાં તેને માનીને ચાલવા પરત્વે, જાત જાતનાં બહાનાં કાઢીને આનાકાની અને ઢીલાશ વગેરે ચાલે છે, અને તેમ કરવાના બહાના તરીકે, અંગ્રેજી ભાષાના જ્ઞાનની જરૂર છે, એમ બતાવવામાં આવે છે. પણ એ વાત એટલેથી છોડીએ.

૩

૧૯૩૭-૩૮ માં વર્ધા પરિષદે ઉપર મુજબનો ઠરાવ કર્યા પછી બીજે વરસે નવેમ્બર, ૧૯૩૯ માં અખિલ ભારતીય વર્ધા શિક્ષણ પરિષદ પૂનામાં મુંબઈ સરકારના આશ્રયે મળી. શ્રી સૈયદૈન (આજે જે હિંદી સરકારના શિક્ષણ ખાતાના મંત્રી છે તે) આ પરિષદના પ્રમુખ હતા. આ પરિષદમાં સર્વસંમતિથી ઠરાવ થયો કે,

> "આ પરિષદ સાક્ષાત્ નુએ છે કે, હિંદની શિક્ષણપ્રથામાં અંગ્રેજીનું શિક્ષણ ઘણું વહેલું દાખલ થવાથી, શિક્ષણને ઘણું સહન કરવું પડ્યું છે. એને એમ પણ દેખાય છે કે, વિદ્યાર્થીને પરભાષા દ્વારા ભણવાની ફરજ પાડવાથી તેને જે અન્યાય અને હાનિ થયાં છે, તેની તો વાત છોડો; પરંતુ શિક્ષણના માધ્યમ તરીકે હિંદની દેશી ભાષાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન વાપરવાથી તે ભાષાઓની માધ્યમ બનવાની શક્તિને ભારે ખમવું પડ્યું છે.

"તેથી આ પરિષદ ભલામણ કરે છે કે, બેઝિક શાળાઓમાં જ નહીં, પણ દેશની બધી શાળાઓમાં વિદ્યાર્થીએ ૭ વર્ષ સ્વભાષા દ્વારા શિક્ષણ મેળવ્યા સુધીમાં તેને અંગ્રેજી શીખવવામાં ન આવે એવો નિયમ થવો જોઈએ. અલબત્ત, અંગ્રેજી જેની માતૃભાષા છે તેને એ લાગુ નહીં પડે."

૪

મુંબઈ સરકારે આ અગાઉ, શાળાના ધો૦ ૫ થી હિંદી શિક્ષણ તો શરૂ કર્યું હતું. તેને જો પૂરી તક અને સાચી અનુકૂળતા આપવી હોય, તો તે ઉપરાંત અંગ્રેજી શીખવવાનું તો કેમ રાખી શકાય? એટલે તે દૂર કરવું જોઈએ, એ ઉઘાડી વાત હતી. પરંતુ તેવામાં કૉંગ્રેસ સરકારોએ, વિશ્વયુદ્ધને કારણે, રાજ્યગાદી છોડી અને તે વાત એટલે રહી. તે તાંતણો પાછો સંધાયો ૧૯૪૬માં બેર-સરકાર પાછી સત્તા ઉપર આવી તે વખતે.

આ પગલાનું મહત્ત્વ બહુ ભારે હતું. તેનો વિચાર અખિલ ભારતીય ધોરણે કરીને આગળ ચાલવું ઠીક થશે એમ માની, મુંબઈ સરકારે ૧૯૪૬ના જુલાઈ માસમાં પૂનામાં હિંદનાં બધાં રાજ્યોના શિક્ષણ-પ્રધાનો તથા આગેવાન કેળવણીકારોની અખિલ ભારતીય પરિષદ બોલાવી. આ પરિષદે ઉપરની વાતને બહાલ રાખતો નીચેનો ઠરાવ કર્યો કે,

"આ પરિષદનો એવો અભિપ્રાય છે કે, ઓછામાં ઓછાં સાત વર્ષનો પૂરો અભ્યાસક્રમ બાળક પૂરો ન કરે ત્યાં સુધી તેના શિક્ષણના વિષયોમાં અંગ્રેજીને સ્થાન ન મળવું જોઈએ, ભલે શાળા બેઝિક હોય કે ના-બેઝિક હોય; સિવાય કે બાળકની માતૃ-ભાષા અંગ્રેજી હોય."

આ ઠરાવ આજે લોકો અને કૉંગ્રેસી પ્રધાનો પણ કદાચ ભૂલી ગયા તો નથી? એનું મહત્ત્વ બહુ ભારે છે. સ્વાતંત્ર્ય આવ્યા પહેલાં એ થયો હતો. તેમાં હિંદના કૉંગ્રેસી તેમ જ ના-કૉંગ્રેસી બધાં રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતા. તથા તે માત્ર 'બેઝિક' માટે

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નહીં, હિંદની ભાવી કેળવણીના એક પાયાના પરિવર્તન તરીકેના સિદ્ધાંત રૂપે, બધી જ શાળાઓ માટે વિચારાયા હતા.

દસ વરસે હમણાં થોડા માસ ઉપર, બીજી એક પરિષદ શિક્ષણ-પ્રધાનોની દિલ્હીમાં મળી, તેનેય કદાચ ઉપરના ઠરાવની યાદ હશે કે કેમ, એ સવાલ છે. તે પરિષદમાં હાજરી કેવી હતી તેય જાણવાની જરૂર છે. અને મુંબઈના પ્રધાન ગયા હતા? અને જો હા, તો તેમણે યા તેમના વતી જે ગયું હોય તેમણે શો મત આપ્યો? — એ સવાલ આજે જરૂર ઊઠે છે.

૫

૧૯૪૬ની પ્રધાન પરિષદ પછી બે વરસે ૧૯૪૮થી મુંબઈ સરકારે ઉપરના ઠરાવનો અમલ શરૂ કર્યો. ક્રમે ક્રમે એક એક વરસ આગળ વધી ૧૯૫૦માં ૭મા ધોરણ સુધી પહોંચવાનો ઠરાવ થયો. ૧૯૫૦થી અંગ્રેજીનું શિક્ષણ ધોરણ ૮ થી શરૂ થાય એમ નક્કી થયું.

બે વરસ તો આ કાર્યક્રમ ઠીક ચાલ્યો. પણ તે દરમિયાન અંગ્રેજીની આદતવાળા વર્ગોએ, — શિક્ષણખાતામાં નોકરી કરતા હતા તેઓ પણ એમાં સાગરીત હતા, — ઊથલો માર્યો અને ૧૯૫૦ માં ધો૰ ૭ માં વૈકલ્પિક અંગ્રેજી શીખવાય, એ રીતે ઉપરની નીતિમાં ગાબડું પડ્યું. આ સામે ખૂબ ભારે ઊહાપોહ થયો.

આ વખતે મુંબઈ રાજ્યમાં પૂરાં સાત વરસના પ્રાથમિક શિક્ષણ અંગે બધી બાજુનો વિચાર કરવાને માટે એક સમિતિ (પ્રમુખ શ્રી ભીસે પરથી કહેવાતી ભીસે સમિતિ) કામ કરતી હતી. તેણે પણ આ મુખ્ય સવાલનો વિચાર કરી નિવેદન કર્યું, તેમાં અંગ્રેજી કાઢવાના સુધારાના વિરોધની ચર્ચા કરીને અંતે તેણે (તેના રિપોર્ટનો પૅરા ૧૨ જુઓ) કહ્યું —

"અંગ્રેજી કાઢવા બાબતમાં થયેલી ઘણી ગેરસમજ રોકાય એવી હતી, એમ લાગ્યા વગર રહેતું નથી. પરંતુ એનો અર્થ એ નથી કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધ્યમિક શાળાનાં નીચલાં ધોરણોમાંથી તે દૂર કરવાની નીતિ બરોબર સંગીન નથી, અથવા તો તે અંગે કેટલાકને લાગતું દેખાય છે તેમ, તે વિષે ફરી વિચાર કરવાની જરૂર છે. અમારો મત છે કે, અત્યાર અગાઉ કાઢવામાં આવેલા હુકમો વિષે કોઈ પણ ફરી વિચાર થશે, તો તે મૂળભૂત રીતે ભૂલભરેલું થશે એટલું જ નહીં, તેથી તો ઊલટી વધારે પંચાતો નગશે; અને તેથી જે કરી વાતનો ઉકેલ થશે તોપણ તેના કરતાં ગૂંચવાડો વધારે ઊભો થશે. અંગ્રેજી આમ કાઢવું એ તત્ત્વતઃ સારો અને લાંબા વખતથી જરૂરી એવો સુધારો હતો. તે પગલું લેવામાં ઘણી ઢીલ થયેલી; છતાં છેવટે તે પગલું ભરાયું છે, તો પછી સરકારે એટલું જ માત્ર કરવાનું જરૂરી છે કે, એ સુધારામાંથી જે સવાલો નીપજે, તેમને મક્કમતાથી, ત્વરાપૂર્વક, અને વ્યાપક ઢબે ઉકેલવા લાગવું જોઈએ. તે દૃષ્ટિથી અમે ભલામણ કરીએ છીએ કે —

"અંગ્રેજી દૂર કરવાની આ નીતિ અખિલ ભારતીય પ્રશ્ન ગણાવો જોઈએ અને ભારત સરકાર આ અંગે બધા પ્રાંતોની નીતિ એકધારી કરાવી લે તે પ્રમાણે તેને સૂચવવું. . . ."

૬

સમિતિએ આવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો. પણ ખેર-સરકાર ગયા પછી એ તરફ ઊલટું વર્તન શરૂ થયું અને એકેક વરસમાં આખો પ્રશ્ન પાછો અને તે સરકારી ખાતા તરફથી જ ચાકે ચડ્યો! તેથી તેને ધારાસભાએ ઉપાડવો પડ્યો અને તેણે ઠરાવ કરીને (૧૯૫૬માં) અંગ્રેજી કાઢવાની નીતિને પાછી પ્રમાણી અને જરી રખાવી.

આ સંજોગોમાં વડી સરકારને આ સુધારો અખિલ ભારતીય ધોરણે લેવાનું કહેવાની વાત મુંબઈ સરકારે કરવાનું તો છૂટી જ પડ્યું હતું! બલકે આજ ઊલટી ગંગા આવી છે કે, વડી સરકાર સૌ પાસે અંગ્રેજી દાખલ કરાવવાને રજૂ થઈ છે; જોકે એ એનો વિષય નથી, કેમ કે કેળવણી વિષે રાજ્યોનો અધિકાર છે. એકરૂપતાને નામે પરાગતિ કે પીછેહઠ ન હોય. એકરૂપતા પ્રગતિ માટે હોય, અને તેનો વિચાર મુંબઈ સરકારે હજી પણ ઉપાડવામાં કંઈ મોડું નથી થતું. અસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

આટલેથી આગળનો ઇતિહાસ જોતાં અગાઉ વચ્ચે ૧૯૪૮-૬૯ની એક મહત્ત્વની પરિષદનો વિચાર જોતા જવાની જરૂર છે. આ પરિષદ દિલ્હી સરકારે બોલાવી હતી. હિંદની બધી યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોની એ પરિષદ હતી. તેના પ્રમુખ ત્યારના શિક્ષણમંત્રી ડૉ. તારાચંદ હતા. તે પરથી એ તારાચંદ-પરિષદ કહેવાઈ હતી.

આ પરિષદે યુનિવર્સિટીના માધ્યમ અંગે મુખ્ય વિચાર કરીને ઠરાવ કર્યો કે,

"(૧) યુનિવર્સિટીની કક્ષાએ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીને સ્થાને હવે પછીનાં પાંચ વર્ષમાં દેશી ભાષાઓ આવી જવી જોઈએ.

"(૨) આ ગાળા દરમ્યાન યુનિવર્સિટીઓએ રાજ્ય, પ્રાંત કે પ્રદેશની ભાષાને શિક્ષણ તથા પરીક્ષણના માધ્યમ તરીકે અપનાવવી જોઈએ. ૧૯૪૮થી માંડીને પાંચ વર્ષના સમય બાદ શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી બંધ થાય."

૮

એક મુંબઈ રાજ્ય સિવાય આ વિષે ભાગ્યે કોઈએ ખાસ વિચાર કર્યો. મુંબઈ રાજ્યે ૧૯૪૯ માં ગુજરાત યુનિવર્સિટીનો કાયદો કર્યો, તેમાં કલમ મૂકી કે, અંગ્રેજી માધ્યમ દસ વરસમાં કાઢી નાંખી ગુજરાતી અને/અથવા હિંદી લેવું જોઈએ. અને તે યુનિવર્સિટીએ ઉપર કરેલ તારાચંદ સમિતિની સૂચના પ્રમાણે હવે કામ કરવાનું શરૂ કર્યું છે, તે સૌ જાણે છે.

પણ આ વિચારમાંય મુંબઈ રાજ્યને હવે પાછું પાડવાના ચાળા વડી સરકાર કરતી લાગે છે. મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓએ આ વિષેય મક્કમ રહેવાનું છે. છાપાંમાં ખબર છે કે, વડી સરકાર આ સવાલ અંગે પાછા યુનિવર્સિટીઓના સત્તાધારીઓને બોલાવવા માગે છે. તે વખતે તેઓ ૧૦ વરસ પરનો તારાચંદ સમિતિનો વિચાર યાદ રાખશે, એવી આશા છે. કે પછી તેમાંય પરાગતિ અને પીછેહઠ થશે? કેન્દ્ર સરકાર શિક્ષણની બાબતમાં વધારેપડતી રૂઢિચુસ્ત હોવા છતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં કામોમાં શું કામ પડતી હશે? અને કૉંગ્રેસે સાફ નીતિ આંકી આપ્યા છતાં, તેની વટી સરકાર આમ કેમ વર્તી શકે છે? આ ગંભીર પ્રશ્નો છે.

અહીં આગળ બીજી એક વાત પણ ટાંકવા જેવી છે કે, વટી સરકારે ૧૯૫૫ માં પાર્લમેન્ટમાં જાહેર કર્યું છે કે, માધ્યમ બાબતમાં તે યુનિવર્સિટીઓને છૂટ આપશે અને પોતે દખલ નહીં કરે. આ નીતિનેય તે માન આપે તો સારું. તેના કરતાં વધુ યોગ્ય ગણાય એવા યુનિવર્સિટી કમિશને આ વિષે બધી રીતનો વિચાર કરી સૌને માટે માર્ગદર્શક નિવેદન તો આપ્યું જ છે; પછી વટી સરકાર બામોશ રહી દેશમાં અંગ્રેજીને પાછું બેસાડવા વ્યર્થ ફાંફાં ન મારે એમાં એની શોભા છે. નહીં તો, અંગ્રેજી તો નથી જ પાછું આવી શકે એમ; અને સમય તથા શક્તિ અને કાંઈ કે શિક્ષણ ચાલે છે તે બધું ખોટું તે બરબાદ થશે એ જુદું! અસ્તુ.

૬

મુંબઈની ધારાસભામાં ૧૯૫૬ માં સિદ્ધાંત પાછો કાયમ થયો, એટલે તે વખતે ઊથલો વાગતો અટકયો. પણ બીજી રીતે એ સવાલને પાછો ગૂંચવવાની બાજી શરૂ થઈ. તેનું સાધન કે બહાનું 'ઇંગ્લિશ ટીચિંગ સ્કૂલ' ના સવાલે પૂરું પાડયું. આ શાળાઓ ધો. ૬ ના શિક્ષણથી અંગ્રેજી માધ્યમ દ્વારા કામ કરે છે. તે શાળાઓ સામાન્ય રીતે ઍન્ગ્લો-ઇંડિયન વર્ગ માટે ચાલતી આવી છે. તેમાં કેટલાક બીજા લોકો પોતાનાં બાળકોને મોકલવા માગે, તેમને રોકતો હુકમ મુંબઈ સરકારે કર્યો. તેણે જે જોયું હોત તો તરત સમજાત કે, આ વસ્તુ તેના હક બહારની હતી. બાપાપ પોતાનાં બાળકોને કોઈ શાળામાં મોકલી શકે છે; અને ઍન્ગ્લો-ઇંડિયન શાળા બીજી કોમનાં બાળકોને લેવા બંધાયેલી છે. આથી સદરહુ સરકારી હુકમ ગેરકાનૂની ઠર્યો અને સરકાર પાછી પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

પણ આ સ્થિતિનો લાભ લઈને આજે અંગ્રેજીને પાછું દાખલ કરવાની પેરવી ચાલુ થઈ છે કે શું! આ વસ્તુ સરકારે નક્કી કરેલી નીતિ સામે છે, છતાં અદાલતના ચુકાદાનો ગેર-અર્થ અને દુરુપયોગ થઈ રહ્યો છે. ફરીના ઊથલાનું નિમિત્ત-કારણ એને બનાવીને કે શાને, મુંબઈ સરકારના ડી.ઈ.એ ૧૯૫૬ના સપ્ટેંબરમાં બધી હાઈસ્કૂલોને લખ્યું કે, અંગ્રેજી શિક્ષણ અને માધ્યમ વિષે સરકારે નીતિ ફેરવી છે અને હાઈસ્કૂલો શરૂથી કે પાંચમા ધોરણથી પણ અંગ્રેજીમાં શીખવવા માગે તો તેમ કરી શકે છે! જોકે પૂછીએ ત્યારે કહે છે, સ્વભાષા માધ્યમ હોવું જોઈએ એ નીતિ સરકાર માને છે. ત્યારે આ સરકારી પત્રમાં તે કહ્યું કેમ નહીં? તો તેમાં આમ કેવળ અંગ્રેજી અંગે જ ભાર મૂકવાનું કારણ શું?

આમ છૂટોદોર આપી દેવાયાનું પરિણામ આજે જોઈએ છીએ-કે, ૧૦ વરસથી ચાલતી આવેલી નીતિમાં પાછું અરાજક ફેલાયું છે! એકેક વરસ પર વચ્ચે એવી છૂટ પણ અપાઈ કે, શાળાના સમયપત્રકમાં થોડો સમય ઓછો કરી, તેને શાળા બહાર ગણી, ધો. ૫ થી અંગ્રેજી શીખવી શકો છો! આમ છતાં સરકાર કહે છે તો બીજું કે, અમે નીતિ હજી ફેરવી નથી! તો તેમણે તેવી સ્પષ્ટ જાહેરાત કરીને, શાળાઓ જે અવળું સમજી બેઠી છે, તેમને રોકવાનું કહેવું જોઈએ. પણ તેય થતું નથી! અંગ્રેજીના લાભમાં અમુક શિથિલતા જાણે આદરી ન હોય! અને આવા અરાજકતાના વાતાવરણની પરિસ્થિતિમાં હવે વડી સરકારનું શિક્ષણખાતું કહે છે કે, અંગ્રેજી વહેલું ને એછિક શાળામાં પણ દાખલ કરો! ઈ. સ. ૧૯૫૭ની સાલમાં સ્વતંત્રતાને ૧૦ મે વરસે અવળો આવો અંગ્રેજી-પ્રચાર સ્વતંત્ર હિંદની સરકાર લઈ બેસે, એ આપણી કેવી કરુણ દશા કહેવાય! દારૂબંધી પેઠે અંગ્રેજી વિષે મુંબઈ રાજ્ય જો મક્કમ રહે, તો જરૂર આ પીછેહઠમાં સારો સુધારો થાય.

૬-૭-'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી

૧

લોકશાહી શિક્ષણપ્રથાનો મૂળ સિદ્ધાંત

શિક્ષણ માટે સમાન તક મળવી જોઈએ, એ લોકશાહી શિક્ષણ-પ્રથાનો મૂળભૂત સિદ્ધાંત છે. દેશમાં જન્મેલ દરેક બાળકને દેશના બીજા કોઈ પણ બાળક જેવું જ શિક્ષણ મેળવવાનો હક છે, — ભલે તેનો વર્ગ કે આર્થિક દરજ્જો કે જન્મસ્થાન ગમે તે હોય. પરંતુ મિડલ સ્કૂલોની બે જાત* જેમાં છે એવી આ પ્રથામાં, શહેરો અને ગામડાંની વચ્ચે, ગરીબ અને તવંગર વચ્ચે, અથવા તો આગળપડતા અને પછાત સામાજિક વિભાગો વચ્ચે શિક્ષણની તકની સમાનતા હતી નહીં. માધ્યમિક શાળાઓ એટલે શહેરી; — સરખામણીમાં વધારે વિકસિત અને ફીને આધારે ચાલતું, સમાજના ખાસ વર્ગોને માટેનું શિક્ષણ આપતી શાળા, એવો અર્થ થઈ રહ્યો. અને ઉપલાં પ્રાથમિક ધોરણોની શાળા એટલે ગામડાંની; — રેઢિયાળ અને સસ્તું, સમાજના આમ-લોકોને માટેનું શિક્ષણ આપતી શાળા, એવો અર્થ થઈ રહ્યો. આમ આવી બે જુદી જાતની મિડલ સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે આંતરો પેદા થતો હતો, અને એથી રાષ્ટ્રીય એકતાની મજબૂતી તથા લોકશાહી સમાજવ્યવસ્થા પેદા કરવામાં દખલ પડતી હતી. હિંદ જેવા દેશમાં તો એવું હોવું જોઈએ કે, સરકાર ગામડાના બાળક ભણી

---

* આ બે જાત તે એક — 'એન્ગ્લો-વર્નાકયુલર' ગણાતી આવેલી અત્યારનાં ધો. ૫, ૬, ૭ કે નૂતનાં ધો. ૧, ૨, ૩ વાળી મિડલ કે હાઈસ્કૂલ; અને બીજી શાળા તે ઉપરનાં ૫, ૬, ૭ ધોરણોવાળી ગામડાંની ('ફર્સ્ટ-ગ્રેડ') પ્રાથમિક શાળા. આ બે જાતની શાળાઓ વચ્ચે મુખ્ય ભેદનું લક્ષણ એ બીજી ભાષાનું શિક્ષણ એકમાં હોય અને બીજામાં ન હોય, એ હતું. — ભ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી પહેલું ધ્યાન આપે; પરંતુ ઉપરની આવી બેભરથ્થુ શિક્ષણ-વ્યવસ્થામાં આ ગામડાના બાળકને જ વધારેમાં વધારે અવગણાતું હતું.

— ભાસે સમિતિ રિપોર્ટ (ઈ. સ. ૧૯૫૧) પા. ૬. પેરા ૧૦.

૨

કૉંગ્રેસ અને સરકારની નીતિની જાહેરાત

કૉંગ્રેસની કાર્યવાહક સમિતિએ ઈ. સ. ૧૯૫૪ના એપ્રિલ માસમાં નીચેના બે ઠરાવો પસાર કર્યા હતા :—

૧

શિક્ષણનું માધ્યમ

"શાળાઓ તથા કૉલેજોમાં શિક્ષણના માધ્યમની બાબતમાં શી નીતિ અખત્યાર કરવી તે અંગે કૉંગ્રેસ માર્ગદર્શન કરતી રહી છે. કૉંગ્રેસની કારોબારી સમિતિએ એને વિષે ૧૯૪૯ના ઑગસ્ટની ૫મી તારીખે તથા ફરીથી ૧૯૫૩ના મેની ૧૭મી તારીખે ઠરાવો પસાર કર્યા હતા. ભારતના રાજબંધારણે હિંદીનો સમગ્ર દેશ માટે રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે. અને સાથે સાથે રાષ્ટ્રીય મહત્ત્વની બીજી પ્રદેશભાષાઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

"કેળવણીની સંસ્થાઓ દ્વારા તેમ જ સાધનો દ્વારા હિંદીને પ્રદેશભાષા તરીકે તેમ જ સરકારી તથા ઇતર હેતુઓ માટેની અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે હિંદીને ઉત્તેજન આપવાનું તથા તેની ખિલવણી કરવાનું સરકારનું ધ્યેય હોવું જોઈએ. સાથે સાથે રાજબંધારણમાં દર્શાવવામાં આવેલી બીજી પ્રદેશભાષાઓને પણ પૂરેપૂરું ઉત્તજન આપવું જોઈએ. ભારતની આ સઘળી મહાન ભાષાઓ દ્વારા ભારતીય સાહિત્ય વિકસાવવાનો ઉદ્દેશ રાખવો જોઈએ. અને તેથી તે સઘળીનો એકબીજી સાથે નિકટનો સંપર્ક રહેવો જોઈએ.

"અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે શાળાઓ તથા કૉલેજોમાં જુદી જુદી કક્ષાઓએ હિંદીને ફરજિયાત વિષય તરીકે રાખવી જોઈએ એ ખરું, પણ હિંદીભાષી પ્રદેશના લોકો ઓછામાં ઓછી હિંદની બીજી એક ભાષા શીખે એ જરૂરનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હિંદમાં અંગ્રેજીએ હિંદીને જગ્યા કરી આપવી જોઈએ એ ખરું, પણ વિદેશનાં સાહિત્યો સાથે, પ્રચલિત વિચારો સાથે, તથા પ્રવૃત્તિનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતા ફેરફારો સાથે સંપર્ક ચાલુ રાખવા માટે પરદેશી ભાષાઓનું જ્ઞાન હંમેશાં જરૂરી રહેશે, એ યાદ રાખવું જોઈએ. એથી હિંદનાં સાહિત્ય અને ભાષાઓના વિકાસને પણ ઉત્તેજન મળશે.

"યુરોપ તેમ જ એશિયાની સઘળી મહત્ત્વની પરદેશી ભાષાઓનો થોડો અભ્યાસ ઇચ્છવા જેવા છે, પણ અંગ્રેજી એક મહત્ત્વની વિશ્વભાષા છે તે કારણે તથા તેના ભૂતકાળના સંબંધોને કારણે તેના અભ્યાસને ખાસ કરીને ઉત્તેજન આપવાની જરૂર રહે છે.

"પ્રાથમિક કક્ષાની કેળવણીનું માધ્યમ માબાપો કે વાલીઓની ઇચ્છા અનુસાર બાળકની માતૃભાષા જ હોવું જોઈએ. સામાન્ય રીતે એ તે પ્રદેશ કે રાજ્યની ભાષા હશે. આદિવાસી પ્રદેશોમાં પ્રાથમિક કક્ષાની કેળવણીનું માધ્યમ તે પ્રદેશના લોકોની માતૃભાષા હોવું જોઈએ.

"જ્યાં પ્રદેશભાષા સિવાયની ભાષા કે ભાષાઓ બોલનારા ઘણા લોકો હોય એવાં શહેરો કે બીજા વિસ્તારોમાં ઠીક ઠીક પ્રમાણમાં લોકો એવી માગણી કરે તો સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ માતૃભાષામાં આપવું જોઈએ. દ્વિભાષી વિસ્તારોમાં, ખાસ કરીને બે રાજ્યો વચ્ચેના સરહદી વિસ્તારોમાં તે પ્રદેશની પ્રત્યેક ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાની ખાસ સગવડ કરી આપવી જોઈએ.

"માધ્યમિક કક્ષાનું શિક્ષણ સામાન્ય રીતે પ્રદેશભાષામાં આપવું. પણ જ્યાં ઠીક ઠીક સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ હોય ત્યાં બીજી ભાષાઓનો પણ ઉપયોગ થઈ શકે. માધ્યમિક કક્ષાએ, અખિલ હિંદની ભાષા, એટલે કે હિંદી ફરજિયાત બીજી ભાષા તરીકે હોવી જોઈએ.

"યુનિવર્સિટીની કક્ષાએ, શિક્ષણનું માધ્યમ પ્રદેશભાષા હોવું જોઈએ, જોકે હિંદીનો ઉપયોગ પણ કરી શકાય. યુનિવર્સિટીઓમાં સામાન્ય રીતે શિક્ષણ પ્રદેશભાષામાં આપવામાં આવશે. પરંતુ અધ્યાપકો હિંદીમાં અને પ્રસંગોપાત્ત અંગ્રેજીમાં પણ વ્યાખ્યાનો આપી શકશે. આને લીધે આંતરપ્રાંતીય સાંસ્કૃતિક સંપર્ક સાધવાની અનુકૂળતા થશે.

"વિજ્ઞાનના અને ટેકનિકલ વિષયો શીખવવામાં અંગ્રેજી પરથી હિંદી અથવા પ્રદેશભાષામાં આવવાનો ફેરફાર ધીમે ધીમે અને ધોરણ નીચું ન ઊતરે એ પ્રમાણે કરવો. કેટલાક વિષયોમાં વચગાળાના સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમ્યાન, માધ્યમ તરીકે હિંદી અથવા પ્રદેશભાષા અને અંગ્રેજી વપરાય એ ઇચ્છવા જેવું છે.

"કોઈ એક પરદેશી ભાષાનું જ્ઞાન હોય એ ઇચ્છવા જેવું હોવાથી માધ્યમિક કક્ષાથી તેનો આરંભ કરવો જોઈએ. અને યુનિવર્સિટીની કક્ષા સુધી એ ચાલુ રાખવી જોઈએ.

"મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાએ પંદર વરસને અંતે અંગ્રેજીને કેટલાયે હિંદીને પૂરેપૂરું સ્થાન આપવા માટે પાંચ પાંચ વરસના ત્રણ તબક્કાઓમાં જે કાર્યક્રમ નક્કી કર્યો છે તેને કાર્યવાહક સમિતિ સામાન્ય રીતે મંજૂર રાખે છે."

૨

અખિલ હિંદ માટેની નોકરીઓની પરીક્ષાનું માધ્યમ

"હિંદના રાજ્યબંધારણે હિંદીનો અખિલ હિંદની રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કર્યો છે. તથા અખિલ હિંદના વહીવટી હેતુ માટે અંગ્રેજી પરથી હિંદીમાં સંક્રાન્ત થવા માટે પંદર વરસની મુદત નક્કી કરી છે; એ હકીકત લક્ષમાં લેતાં, હિંદીને અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ માટેની ભાષા બનાવવાનાં વધુ ને વધુ પગલાં ભરવામાં આવે એ ઇચ્છવા જેવું છે.

"આ પગલાંઓ એવી રીતે ભરવાં કે જેથી જ્યાં આગળ પ્રદેશભાષા હિંદી સિવાયની હોય એવા દેશના કોઈ પણ ભાગમાંથી પરીક્ષા આપવા આવતા ઉમેદવારો પર વધારે પડતો બોજો પડે નહીં. હિંદી તેમ જ પ્રદેશભાષાઓના વિકાસ માટે હરેક પ્રકારનું ઉત્તેજન આપવું જોઈએ એ ખરું, પરંતુ ઉચ્ચ કક્ષાની નોકરીઓમાં દાખલ થનારાઓ માટે પરદેશી ભાષાઓનું અને ખાસ કરીને અંગ્રેજીનું જ્ઞાન મહત્ત્વનું રહેશે એ યાદ રાખવું જોઈએ.

"કાર્યવાહક સમિતિએ ભલામણ કરી છે કે, અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓ ક્રમે ક્રમે હિંદી, અંગ્રેજી અને મુખ્ય મુખ્ય પ્રદેશભાષાઓમાં લેવાવી જોઈએ તથા પરીક્ષા આપનાર ઉમેદવારોને એ ભાષાઓ પૈકીની કોઈ પણ ભાષાનો ઉપયોગ કરવાનો વિકલ્પ આપવો જોઈએ. હિંદી કે પ્રદેશભાષામાં પરીક્ષા આપવાનું પસંદ કરનાર ઉમેદવારને અલગ અંગ્રેજીની પરીક્ષા પણ પસાર કરવાની રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ અખિલ હિંદની પરીક્ષાઓમાં પસાર થનારા સઘળા ઉમેદવારોને અગાઉથી જ જેમણે હિંદીમાં પરીક્ષા આપી હશે તે સિવાય, વહેલામાં વહેલી તકે હિંદીની પરીક્ષા પસાર કરવાની રહેશે. બીજે પગથિયે, ઉપર જણાવ્યા મુજબ હિંદી, અંગ્રેજી કે પ્રદેશભાષાઓ એ પરીક્ષાઓમાં વાપરવાનો વિકલ્પ ચાલુ રહે છે, પણ વધારામાં, જેમની હિંદી સિવાયની ભાષા હોય તેવા ઉમેદવારોને ફરજિયાત હિંદીનો પ્રશ્નપત્ર તથા જેમની ભાષા હિંદી હોય તેવા ઉમેદવારોને હિંદની કોઈક બીજી ભાષાનો ફરજિયાત પ્રશ્નપત્ર આપવાનો રહેશે. એ બંને દાખલાઓમાં, હિંદી કે બીજી પ્રદેશભાષાઓમાં પરીક્ષા આપનારાઓને માટે અંગ્રેજીનો ફરજિયાત વિષય રહેશે.

"આ રીતે અખિલ હિંદની નોકરીઓ માટેની પરીક્ષાઓમાં અંગ્રેજીને ઠેકાણે હિંદી ક્રમે ક્રમે સ્થાન લેતી જશે."

હિંદી સરકારના ગૃહપ્રધાને લોકસભામાં આ ઠરાવોનો ઉલ્લેખ કરીને જાહેર કર્યું છે કે, વડી સરકાર આ ઠરાવોમાં નિરૂપેલી નીતિનો સ્વીકાર કરે છે અને જણાવે છે કે,

૧. યુનિવર્સિટીઓના માધ્યમના સવાલને તે પોતાની કેન્દ્રિત નીતિ તરીકે ગણીને નહીં વર્તે. એનો અર્થ કે, યુનિવર્સિટીઓ પોતપોતાની પ્રદેશભાષા લઈ શકે છે. તથા

૨. "ક્રમે ક્રમે કરતાં, અખિલ-ભારતીય નોકરીઓ માટેની પરીક્ષાઓ હિંદી, અંગ્રેજી, તથા દેશની મુખ્ય પ્રદેશભાષાઓ દ્વારા લેવી જોઈએ; પરીક્ષાર્થીઓ તેમની પરીક્ષામાં આમાંની ગમે તે ભાષા વાપરી શકે એવી છૂટ આપવામાં આવે."

હિંદી સરકારનો આ નિર્ણય દેશની સાંસ્કૃતિક આગેકૂચમાં મોટો માર્ગસ્તંભ ગણાય. તે હવે અમલમાં ઉતારવાનો સમય આવે છે. હિંદી કમિશને તેને યોગ્ય ભલામણ કરી છે, એટલે સરકારે હવે તે મુજબ કામ શરૂ કરવું જોઈએ. એને બદલે, પાછું અંગ્રેજી આણવાની વાત અને યુનિવર્સિટીઓને અંગ્રેજી ચાલુ રાખવા માટે પ્રેરવાની વાત આજે જે થાય છે, તે સારી ન ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

શિક્ષણમાં પ્રતિક્રાંતિ સામે વિરોધ

[ગૂજરાત નઈ તાલીમ સંઘની કારોબારી સમિતિ તા. ૧૭-૬-'૫૭ના રોજ સણોસરા મળી હતી. તેમાં પસાર કરેલા બે ઠરાવો નીચે આપ્યા છે.]

૧

"૫ થી ૭ ધોરણમાં અંગ્રેજી દાખલ કરવું એ ભયંકર ભૂલ છે"

ગૂજરાત નઈ તાલીમ સંઘની કાર્યવાહક સમિતિ, અંગ્રેજી ભાષાના શિક્ષણ સંબંધમાં હમણાં હમણાં કેન્દ્ર સરકાર અને મુંબઈ સરકારના પદાધિકારીઓ તરફથી તેમ જ ગૂજરાત અને ગૂજરાત બહારના કેટલાક શિક્ષણના કાર્યકર્તાઓ તરફથી જે હવા ફેલાવવામાં આવી રહી છે, તેનાથી ઘણી જ ચિંતામાં પડી છે; અને તેવા વિચારો વધારે આગળ વધી શિક્ષણના આખા કાર્યને, ખાસ કરીને બુનિયાદી કેળવણી, ચૂંથી નાંખે તે પહેલાં સૌ લાગતાવળગતાઓને સાવધાન કરવાની અને ખાસ કરીને જાહેર જનતાને તે સંબંધમાં જાગ્રત કરવાની પોતાની ફરજ સમજે છે.

એવી હવા ફેલાવવામાં આવે છે કે, દેશના વિકાસનાં કામો માટે નિષ્ણાતોનો પ્રવાહ સતત મળતો રહેવાની જરૂર છે; અને તે અંગ્રેજી માધ્યમ દ્વારા જુદી જુદી વિદ્યાઓ શીખવવામાં આવે નહીં ત્યાં સુધી મળી શકે તેમ નથી. આ સમિતિ માનપૂર્વક પણ અત્યંત ભાર સાથે આ વિચારસરણીનો નિષેધ કરે છે. સમિતિનો દૃઢ-અભિપ્રાય છે કે, માણસને નિષ્ણાત બનાવવા માટે જરૂરી વિદ્યાઓના શિક્ષણની જરૂર છે; અંગ્રેજી ભાષાને અને તેવી વિદ્યાઓને કોઈ અનિવાર્ય સંબંધ નથી. ઊલટું, માતૃભાષા દ્વારા શિક્ષણ આપવામાં આવે તો જ વિદ્યાર્થી વધારે સારી રીતે અને ઓછા વખતમાં વિદ્યાઓ હસ્તગત કરી શકે, એ દીવા જેવી ઉઘાડી વાત છે.

ઉચ્ચ શિક્ષણ અંગ્રેજીના માધ્યમ વગર શીખવવું શક્ય નથી એવા ભ્રમ-મૂલક વિચારને પકડીને પછી તેના આધાર ઉપર દેશના માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણની યોજનાઓ વિચારવામાં આવે છે. આ સમિતિને લેશ પણ શંકા નથી કે આ એક ભયંકર ભૂલ થઈ રહી છે. આપણાં બાળકોના પ્રાથમિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને માધ્યમિક શિક્ષણની યોજના તેમના ચારિત્ર્યને તેમ જ દેશની સંસ્કૃતિ અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને જ ઘડવી જોઈએ; અને તેની સાથે બંધ બેસે એ રીતે આગળની ઉચ્ચ શિક્ષણની યોજના પણ વિચારવી જોઈએ.

આ દૃષ્ટિ લક્ષમાં રાખીને જ બુનિયાદી કેળવણીની યોજના વિચારવામાં આવી છે.

તેમાં પ્રાથમિક ૭ અથવા ૮ વર્ષના શિક્ષણમાં સફાઈ, બુનિયાદી ઉદ્યોગ અને સમાજસેવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

ભાષામાં માતૃભાષા અને ધોરણ ૫-૬-૭માં રાષ્ટ્રભાષાનો પરિચય પૂરતો માનવામાં આવ્યો છે. આ પ્રાથમિક કક્ષાના કાળમાં અંગ્રેજી ભણતર દાખલ કરવું, એ બાળકો ઉપર બિનજરૂરી ભાર લાદવા રૂપ છે; એટલું જ નહીં પણ, ચારિત્ર્ય ઘડનાર શિક્ષણ માટેનો કીમતી વખત પડાવી લેવા સમું છે.

સમિતિ સ્પષ્ટ કરવા માગે છે કે, અંગ્રેજી ભાષા પ્રત્યે તેને કોઈ પણ જાતનો તિરસ્કાર નથી; એટલું જ નહીં, આ જમાનામાં તેના કંઈક પરિચયની જરૂર પણ તે સ્વીકારે છે. તે માટે તેને મુંબઈ રાજ્યમાં આ પહેલાં ધો. ૮થી શરૂઆત કરવાની અને અંગ્રેજીનું જ્ઞાન સામાન્ય સમજવા પૂરતું આપવાની નીતિ સ્વીકારવામાં આવી હતી, તેને આ સમિતિએ આ અગાઉ પણ પોતાની સ્વીકૃતિ આપી હતી; અને તેને જ તે વળગી રહે છે.

સમિતિ માને છે કે, અંગ્રેજના મોહ અને ગરજમાંથી મુક્ત થવાનો જે પ્રયત્ન આ રાજ્યમાં અત્યાર સુધી ચાલી રહ્યો છે તેને આ રીતે બદલી નાખવો, એ સ્વરાજ્ય અને તેના બંધારણનો મહાન દ્રોહ કરવા બરાબર છે; ભોળી જનતાને મોહમાં ઉતારવા બરાબર છે. સરકારનો તેમ જ દેશના નેતાઓ અને કેળવણીકારોનો પવિત્ર ધર્મ છે કે, તેમણે સેંકડો વર્ષની ગુલામીથી ઉત્પન્ન થયેલ મોહ અને નબળાઈઓમાંથી દેશની જનતાને બચાવી, ઉન્નત વિચાર પર ચડાવવી જોઈએ. અત્યારે થઈ રહ્યું છે તેમ તેને વધારે મોહના ખાડામાં ગબડાવવાનું પાપ ન જ કરવું જોઈએ.

સામાન્ય જનતા તરફથી અંગ્રેજી શિક્ષણની માગણી થઈ રહી છે એવો ભાસ ઊભો કરવામાં આવી રહ્યો છે, તે તદ્દન ખોટો છે, એમ આ સમિતિ માને છે. લોકોને જે અંગ્રેજી ભણતરની કંઈક પણ લાલચ હોય, તો તે આટલા જ કારણથી છે કે, દેશનું રાજ્ય હજુ પણ અંગ્રેજી ભાષા મારફત ચલાવવામાં આવે છે, અને જાહેર નોકરીમાં માણસની આવડત કરતાં તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજીના જ્ઞાન ઉપર વધારે ઝોક અપાઈ રહ્યો છે. આ વસ્તુ દૂર કરવામાં આવશે કે તરત જ જનતાનું અંગ્રેજી તરફ આકર્ષણ જોવામાં આવે છે તે આપોઆપ ઊડી જશે.

૧૫ વર્ષમાં તેવી સ્થિતિ આણવાનો બંધારણનો આદેશ છે. તે દિશામાં ભરચક પ્રયત્ન કરવાની નીતિ રાઝઆતનાં વર્ષોમાં ગંભીરપણે પાળવામાં આવતી જણાતી હતી. પબ્લિક સર્વિસ કમિશને તેની કસોટી પ્રાદેશિક ભાષા મારફત કરવી એવી નીતિ પણ સ્વીકારવાની જાહેરાત સરકાર તરફથી અગાઉ થઈ ગઈ હતી. તે છતાં તેનો અમલ કરવામાં આવતો નથી. તેની પાછળ પ્રત્યાઘાતી મનોવૃત્તિ રહેલી હોય એમ માનવાને કારણ મળે છે. સરકારી નોકરી અને યુનિવર્સિટીઓની નિર્બળતાઓને કારણે તે નીતિ પર પ્રહાર થઈ રહ્યો છે. સમિતિ માને છે કે, આની પાછળ નોકરી અને હિત-સંબંધના સંકુચિત વિચારો કામ કરી રહેલા છે. તેનાથી ભારતની મહાન લોકશાહીને સર્વ પ્રયત્ને ઉગારવી એ સૌની પવિત્ર ફરજ છે.

સમિતિ, દેશની મહાન સંસ્થા રાષ્ટ્રીય કોંગ્રેસ, જે સરકારના સંચાલન માટે જવાબદાર છે, જેને હમણાં જ દેશની જનતાએ વિશ્વાસ સાથે દેશની રાજ્ય-સત્તા સોંપી છે, અને જેણે આ પહેલાં અનેક ઠરાવોથી અંગ્રેજની મર્યાદા અને બુનિયાદી કેળવણી સંબંધમાં પોતાના સ્પષ્ટ આદેશો આપેલા છે, તેણે નમ્રતા થઈ સરકારને અવળી નીતિ ગ્રહણ કરતાં અટકાવવી જોઈએ, એમ માને છે.

સમિતિ દેશના વિદ્વાનોને પણ સવિનય વિનંતિ કરે છે કે, તેમણે લોક-મતને સાચી દિશામાં ઘડવાનો આ પ્રસંગે તનતોડ પ્રયત્ન કરવો જોઈએ.

ભારતની જનતા સંબંધમાં પણ આ સમિતિને વિશ્વાસ છે કે, તે પોતાના મોહના આવરણને ભેદી પોતાનાં બાળકોના ચારિત્ર્ય માટે જરૂરી એવી શિક્ષણ-નીતિ માટે પોકાર ઉઠાવશે અને અંગ્રેજી ઘુસાડવાની હાલની નીતિ પાછળ રહેલી ભયંકરતા પિછાણી, પોતાને મળેલો સ્વરાજ્યનો અધિકાર સિદ્ધ કરી બતાવશે.

૨

પ્રાથમિક શિક્ષણનો સાત વર્ષનો અખંડિત કાર્યક્રમ

મુંબઈ સરકારના શિક્ષણ ખાતાએ બુનિયાદી શાળાની રચના બદલી નાખી છે. તેને જુનિયર પ્રાથમિક અને સિનિયર પ્રાથમિક એવા બે વિભાગોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેંચી નાંખી છે. એ જોઈ આ સમિતિને અતિશય આશ્ચર્ય અને ખેદ થયો છે. મુનિયાદી શિક્ષણ એ સાત અથવા આઠ વર્ષનો એક અખંડ કાર્યક્રમ છે અને રહેવો જોઈએ. અને ભારત સરકારની સેન્ટ્રલ એડવાઈઝરી કમિટીએ પણ એ વાત સ્વીકારી છે. દેશના દરેક બાળકને સાત વર્ષનું શિક્ષણ પૂરું પાડવાની ફરજ બંધારણે સરકાર ઉપર નાખેલી છે, તે આથી સચવાશે નહીં.

આ વિચિત્ર રચનાને શક્ય બનાવવા માટે પ્રાથમિક અધ્યાપન મંદિરોની તાલીમમાં પણ સિનિયર અને જુનિયર વિભાગ રાખવામાં આવ્યા છે, એ પણ અત્યંત શોચનીય છે. આથી શિક્ષકવર્ગમાં ઊંચાનીચાના ભેદનું ઝેર ફેલાશે અને પ્રાથમિક કે મુનિયાદી શિક્ષણ સુધારવાનો હેતુ તો જરા પણ સરશે નહીં. તે હેતુ સિદ્ધ કરવા માટે તો તાલીમની મુદતમાં વધારો કરવો અને તાલીમનું વાતાવરણ ઊંચું ચઢે તેવાં પગલાં લેવાં જોઈએ. સમિતિ આશા રાખે છે કે, ઉપર જણાવેલી પ્રગતિરોધક રચના સત્વર રદ કરવામાં આવશે.

અધિકારીઓના મગજમાં પ્રાથમિક માધ્યમિક શિક્ષણની ઉપરની વિચિત્ર કલ્પના કામ કરી રહેલી છે. તેના જ પરિણામે તેઓ ધો. ૫-૬-૭ને હમણાં હમણાં માધ્યમિક શાળાના ભાગ તરીકે બતાવવા લાગ્યા છે. ખરી રીતે આ ધોરણોને પ્રાથમિક શાળાના અંગ તરીકે જ ગણવાં જોઈએ. અત્યાર પહેલાં આ ધોરણોનો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો હતો, તે આ રીતે તે ધોરણોને પ્રાથમિક શાળાનું અંગ ગણીને જ બનાવવામાં આવ્યો હતો. તે નીતિ એકાએક બદલી આ ધોરણોને માધ્યમિક શાળાનો ભાગ બનાવી દેવામાં આવ્યો છે. આથી મુનિયાદી અથવા પ્રાથમિક શિક્ષણના ૭ વર્ષનો અખંડિત ક્રમ તૂટી જાય છે. અને બાળકોના શિક્ષણ ઉપર બિન-મુનિયાદી વાતાવરણ ફેલાઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ગાંધીજીનો અભિપ્રાય

૧

અંગ્રેજીને એમાં સ્થાન નથી*

એક કેળવણીકાર લખે છે:

"જો તમે સાવધ નહીં રહો તો જોશો કે, શહેરોમાં દાખલ થઈ રહેલી પાયાની કેળવણી ગામડાંમાં દાખલ થઈ રહેલી કેળવણીના કરતાં જુદું જ સ્વરૂપ પકડશે. દા. ત. માતૃભાષાને ધક્કો પહોંચાડીને અંગ્રેજી દાખલ થશે અને પરિણામે એક જાતનું ગુમાન પોષાશે."

મારે કબૂલ કરવું જોઈએ કે મારી યોજના ગામડાંની પ્રજાની દૃષ્ટિએ ઘડાઈ છે. અને જ્યારે હું તે ખીલવી રહ્યો હતો ત્યારે મેં એમ કહ્યું હતું ખરું કે, શહેરોને તે લાગુ કરવામાં થોડાક ફેરફારો કરવા પડશે. આ ફેરફારોની કલ્પના શિક્ષણના માધ્યમ તરીકે જે ઉદ્યોગો પસંદ કરવાના તે પરત્વે જ માત્ર હતી. મને કદી ખ્યાલ નહોતો કે, પ્રાથમિક ધોરણોમાં અંગ્રેજીને સ્થાન આપવાનો કચવાયે પ્રયત્ન થશે. અને આ યોજના તો હજુ સુધી માત્ર પ્રાથમિક ધોરણોની જ કક્ષામાં રહી છે. અલબત્ત, આ પ્રાથમિક મર્યાદા અંગ્રેજી વિનાના મૅટ્રિકના ધોરણની બરોબર પહોંચવા જાય છે ખરી. આ પાયરીએથી બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ તો એમના સ્વાભાવિક વિકાસને ડામવા બરાબર અને કદાચ તેમનામાંની સ્વયંપ્રેરણાને મારી નાખવા બરાબર છે. ભાષા શીખવી એ મૂળે તો સ્મરણશક્તિ કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાને ભોગે જ તે શીખી શકે. હું તો માનું

* 'ગ્રામશિક્ષણ વિ૰ શહેરી શિક્ષણ' એ મથાળાની નોંધ આ છે.—સં૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું કે, ગામડાંના બાળકના જેટલું જ શહેરી બાળકને માટે પણ એ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિંદુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે છે.

સેગાંવ, ૨–૯–'૩૯
હરિજનબંધુ, ૧૦–૯–'૩૯

૨

અંગ્રેજીનું શું?

સ૦— આ કાર્યક્રમમાં અંગ્રેજીનું શું થવાનું? તેનું સ્થાન કેવું રહેશે? તેનું શિક્ષણ ફરજિયાત રહેશે કે બીજી ભાષા તરીકે મરજિયાત રહેશે?

જ૦ — મારી માતૃભાષા ગમે તેવી અધૂરી હોય તોયે, મારી છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે? એને સ્થાને અંગ્રેજી બોલીનો હું આશક છું; પણ જે સ્થાન તેનું નથી તે પડાવી લેવાને તે નીકળે, તો હું તેનો કટ્ટો વિરોધી થાઉં. સૌ કોઈ સ્વીકારે છે કે, અંગ્રેજી આજે આખી દુનિયાની ભાષા બની છે. તેથી, હું તેને નિશાળના નહીં, પણ વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં મરજિયાત શીખવાના વિષય તરીકે બીજી ભાષાનું સ્થાન આપું. અને તે પણ પસંદગીના થોડા લોકો માટે હોય; કરોડોને માટે તો ક્યાંથી હોય? આજે આપણી પાસે ફરજિયાત પ્રાથમિક કેળવણી દાખલ કરવાનાં પણ સાધન નથી, ત્યાં અંગ્રેજીના શિક્ષણ માટેની જોગવાઈનાં સાધનો ક્યાંથી લાવવાં? રશિયાએ વિજ્ઞાનમાં પોતાની બધી પ્રગતિ અંગ્રેજી વગર જ કરી છે. આપણી મનોવૃત્તિ એવી ગુલામ બની ગઈ છે કે, અંગ્રેજી વગર આપણું ચાલે જ નહીં, એવું આપણને લાગ્યા કરે છે. કામ શરૂ કર્યા પહેલાં આગળથી હારી બેસવાની આવી માન્યતાને હું કદી નહીં સ્વીકારું.

હરિજનબંધુ, ૨૫–૮–'૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અંગ્રેજી કેટલાને આવડે છે?

અંગ્રેજી ભાષાનું હવે પછીનું સ્થાન વિચારતી વખતે, તે ભાષા કેટલા જણને આવડે છે, તે જોવું જરૂરી ગણાય. આ ભાષાના શિક્ષણનો પ્રારંભ સો દોઢ સો વરસ ઉપર થયો. તેને પરિણામે ત્યારથી આજ સુધીમાં હિંદમાં તે કેટલી પ્રસરી શકી તેના આંકડા જાણવા જેવા છે. હિંદી કમિશનના રિપોર્ટમાં તે, ૧૯૫૧ના વસ્તીપત્રક ઉપરથી, આપ્યા છે. નીચે આપેલો કોઠો તેને આધારે આપ્યો છે.

અંગ્રેજી આવડે છે એમ ગણવા શું ધોરણ લેવું જોઈએ, એ બાબતમાં રિપોર્ટે એસ. એસ. સી. કે મૅટ્રિક બરોબરની પરીક્ષા પાસ કરી હોય એમ રાખ્યું છે. તે મુજબ ગણતાં કુલ ૩૮ લાખ જણ થાય છે! હિંદભરમાં લખતાં વાંચતાં આવડે એવા માણસની ગણતરી કુલ ૬ કરોડની છે. તેમાં ૩૮ લાખ અંગ્રેજી જાણે છે! આ આંકડો હવે વધશે તો નહીં જ, સિવાય કે, સ્વભાષા કે આંતરભાષાનું નહીં અને અંગ્રેજીનું અક્ષરજ્ઞાન લોકોને આપવા માંડીએ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી (એસ. એસ. સી. સુધીનું) આવડનારનો કોઠો

[આંકડા ઈ. સ. ૧૯૫૧ના વસ્તીપત્રક મુજબ હજારમાં આપ્યા છે.]

૧ પ્રદેશનું નામ	૨ કુલ વસ્તી	૩ કુલ ભણેલા	૪ અંગ્રેજી ભણેલા	૫ ૪ અને ૩ વચ્ચે ટકાવારી	૬ ૪ અને ૨ વચ્ચે ટકાવારી
અખિલ ભારત	૩૫,૬૬,૯૨	૫,૯૨,૩૦	૩૭,૯૬	૬·૪૧	૧·૦૬
દક્ષિણ ભારત*	૭,૫૬,૦૦	૧,૭૨,૩૪	૮,૭૬	૫·૦૦	૧·૧૫
આસામ	૯૦,૪૪	૧૬,૩૪	૭૩	૪·૪૯	·૮૧
બિહાર	૪,૦૨,૨૬	૪૯,૨૨	૨,૬૪	૫·૩૫	·૬૫
મુંબઈ	૩,૫૯,૫૬	૮૮,૩૦	૪,૫૮	૫·૧૯	૧·૨૭
મધ્યપ્રદેશ	૨,૧૨,૪૮	૨૮,૫૯	૧,૪૧	૪·૯૩	·૬૬
મદ્રાસ	૫,૭૦,૧૬	૧,૦૯,૬૬	૫,૭૦	૫·૧૯	·૧૦
ઓરિસ્સા	૧,૪૬,૪૬	૨૩,૧૩	૬૩	૨·૭૩	·૪૩
પંજાબ	૧,૨૬,૪૧	૨૦,૩૯	૩,૨૫	૧૫·૯૩	૨·૫૬
ઉત્તર પ્રદેશ	૬,૩૨,૧૬	૬૮,૨૫	૫,૧૮	૭·૫૯	·૮૨
પ૦ બંગાળ	૨,૪૮,૧૦	૬૦,૮૮	૫,૬૭	૯·૮૧	૨·૪૧
હૈદરાબાદ	૧,૮૬,૫૫	૧૭,૦૮	૬૯	૫·૭૯	·૫૩
મધ્ય ભારત	૭૯,૫૪	૮,૬૦	૪૫	૫·૨૫	·૫૬
મૈસૂર	૬૦,૭૫	૧૮,૬૭	૧,૩૧	૭·૦૩	૧·૪૪
પેપ્સુ	૩૪,૬૪	૪,૧૯	૩૮	૯·૦૭	૧·૦૮
રાજસ્થાન	૧,૫૩,૬૧	૧૨,૮૬	૬૮	૫·૩૧	·૪૪
સૌરાષ્ટ્ર	૪૧,૩૭	૭,૬૪	૨૯	૩·૮૦	·૭૦
ત્રાવણકોર-કોચીન	૬૨,૮૦	૪૩,૦૭	૧,૬૨	૩·૭૬	૧·૭૫
દિલ્હી	૧૭,૪૪	૬,૬૯	૧,૬૩	૨૪·૩૦	૯·૩૨
કચ્છ	૫,૬૮	૬૭	૨	૧·૬૨	·૨૭

આ આંકડા રજૂ કરીને હિંદી કમિશન રિપોર્ટ તેની સમાલોચના કરતાં (પ્રકરણ ૪, પેરા ૧૮માં) જણાવે છે —

"કુલ ૧૯·૬ ટકા વસ્તી ભણેલી ગણાઈ, તેમાં લગભગ ૧ ટકો જ અંગ્રેજી ભણેલો છે. આખા હિંદમાં પ્રજાનું આમ-માધ્યમ બનવાની અંગ્રેજીની શક્યતા વિચારવા પરત્વે આ આંકડા લેખામાં લેવા જેવા

* એટલે મદ્રાસ, મૈસૂર, ત્રાવણકોર-કોચીન અને કૂર્ગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઈને આપ્યા છે. . . . દક્ષિણ ભારતમાં અંગ્રેજી પ્રમાણમાં વધારે આવડે છે એમ માનવાનું પણ કારણ નથી. . . . આ આંકડા સ્પષ્ટ બતાવે છે કે, પ્રજામાં અક્ષરજ્ઞાનનો ફેલાવો થશે ત્યારે, — કે જે પહેલો પ્રદેશભાષામાં અને પછીથી હિંદીમાં કહ્યો શકાય અને અંગ્રેજીમાં તો જરૂર નહીં જ નહીં, — અંગ્રેજીની આવડતના ટકા તો આથી પણ ઘટશે જ."

હવે વિચાર કરો કે, હિંદનું રાજ્ય આ એક ટકા વસ્તીને સોંપવું છે?

આ એક ટકો પણ ઓછાતો જ જવાનો. અને તે સંખ્યામાં જ નહીં, પણ ગુણમાં પણ, કેમ કે અંગ્રેજીનું ધોરણ પણ ઊતરતું જ ચાલે છે. એમ માનીએ કે, અંગ્રેજી વગર સ્વરાજ નહીં નભે અને તેથી એનું ધોરણ વગેરે જે સંભાળી રાખવું હોય, તો અંગ્રેજોને અહીં શીખવવા માટે રાખવા જોઈએ તથા આપણા લોકોએ તેમની યુનિવર્સિટીઓની છાયામાં અને અનુસંધાનમાં રહીને, — આજે છીએ એમ, — કામ કરતા રહેવું જોઈએ. આ વસ્તુ વિદ્યાની પ્રાપ્તિ ન કહેવાય; એમાં તો આપણી સાંસ્કૃતિક ગુલામી જ ચાલુ રહે છે, એ સાવ સાફ છે. હિંદી પ્રજાએ અને તેના રાજ્યપ્રબંધારણે આ વસ્તુનો નિષેધ કર્યો છે અને એ નિષેધની બાબત અક્ષર છે. નહીં તો સ્વરાજનો એક મોટો પાયો — આપણા જીવન અને સંસ્કારઘનને જ લૂલો કરી દે તેવો પાયો — તૂટશે. એ તોડવાની કોઈ હિંદીએ તાકાત દાખવવી જોઈએ શું? ગાંધીજીએ ૧૯૨૦-૧માં સ્વરાજની લડતનો પાયો નાંખ્યો, ત્યારે કહેલું એક વાક્ય (જુઓ યંગ ઇન્ડિયા, તા. ૨-૨-'૨૧) અહીં આજ્ઞેય ઉતારવા જેવું છે —

"હિંદી નાગરિકનો ઉત્તમોત્તમ વિકાસ અંગ્રેજના જ્ઞાન વગર શક્ય બનાવો જ જોઈએ. અંગ્રેજના જ્ઞાન વિના ભદ્ર સમાજમાં દાખલ ન થઈ શકાય એવું આપણાં છોકરાછોકરીઓ માને એમ પ્રેરવું, એ આપણા પુરુષો અને ખાસ કરીને સ્ત્રીઓ પર ગજબ ગુજરવા સમાન છે. આવો વિચાર સહી પણ ન શકાય એવો અકારો - સ્વમાનઘાતક છે. અંગ્રેજના મોહમાંથી છૂટવું એ સ્વરાજની એક મોટી આવશ્યકતા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આની સાથે વાંચવા જેવાં પુસ્તકો

શિક્ષણનું માધ્યમ	ગાંધીજી	૦–૩–૦
પાયાની કેળવણી	ગાંધીજી	૧–૪–૦
કેળવણીનો કોયડો	ગાંધીજી	૨–૮–૦
ખરી કેળવણી	ગાંધીજી	૨–૮–૦
સર્વોદયની કેળવણી	આ. કૃપાલાની	૧–૪–૦
શિક્ષણ અને સંસ્કૃતિ	રવિશંકર મહારાજ	૧–૪–૦
હિંદી પ્રચાર અને અંધારણ	મગનભાઈ દેસાઈ	૦–૮–૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar